પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૩૩ • કુલ પાના : ૪ • તારીખ : ૨૭-૦૫-૨૦૨૪ સોમવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજકોટ અગ્નિકાંડનો મૃત્યુઆંક ૩૨ થયો

# તંત્રની બેદરકારી, રાજકોટનું ગેમઝોન ૪ વર્ષથી ફાયર એનઓસી કે મંજૂરી વિના જ ધમધમતું હોવાનો ખુલાસો

રાજકોટ,

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી ભીષણ આગમાં મૃત્યુઆંક વધીને ૩૨ સુધી પહોંચી ગયો છે. આ દર્દનાક ઘટનાને પગલે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સહિતના અનેક લોકોએ શોક વ્યક્ત કર્યો હતો. ત્યારે આજે વહેલી સવારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં તેમની સાથે અન્ય મંત્રીઓ પણ ઉપસ્થિત હતાં ઉલ્લેખનીય છે કે મૃતદેહ ભયાનક રીતે સળગી જતા તેમની ઓળખ કરવામાં મુશ્કેલી ઉભી થઈ રહી છે. હવે મૃતદેહોના ડીએનએ ટેસ્ટ કરીને ઓળખ કરવામાં આવશે ત્યાર બાદ જ મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવશે. માતા-પિતા અથવા ભાઈ-બહેનના સ્વજનોના સેમ્પલિંગ લેવાયા છે. હાલ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. રાજકોટ અગ્નિકાંડમાં મૃતક પરિવારોને રાજ્ય સરકારે ૪ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.



દરમિયાન એવી પણ માહિતી બહાર આવી છે કે ચારેક વર્ષથી ફાયર એન.ઓ.સી.સિવાય કે મંજૂરી વગર ધમધમતો બે માળનો 'ટીઆરપી ગેમ ઝોન'માં માનવીય બેદરકારીના કારણે આગ લાગવા સાથે પલકવારમાં જ વિશાળકાય ડોમ સળગી ઉઠતા ૩૨ નિર્દોષ લોકો જીવતા સળગીને કોલસાની જેમ ભડથું થઈ ગયા હતા. રાજ્ય સરકારે ગેમ ઝોન આગની ઘટનાની તપાસ માટે એસઆઈટી તપાસના આદેશ આપ્યા છે. ગુજરાતના ઈતિહાસની અતિ ભયાનક દુર્ઘટના રાજકોટમાં ઘટવા માટે સરકારી તંત્રની ઘોર જીવલેણ લાપરવાહી ઉડીને આંખે વળગી છે. અસંખ્ય લોકોના અત્યંત દર્દનાક, કમકમાટી ઉપજે તેવા મોત માટે તંત્રના આંખ મિચામણા જવાબદાર હોવાનું ખુલ્યું છે. આશરે ૨૦૦૦ ચો.મી.થી વધુ જગ્યામાં આ ગેઈમ ઝોન ચાર વર્ષથી ધમધમતો હતો છતાં આજ સુધી આ સ્થળ માટે ફાયર એન.ઓ.સી. લેવાયું નથી અને સેફટીના ધારાધોરણોનું પાલન નહોતું છતાં મહાપાલિકા, કલેકટર, પોલીસ સહિતના તંત્રોએ તેને ચાલવા દીધું છે.

આજે સ્થળ પર તપાસ કરતા ચોંકાવનારી વાત એ બહાર આવી છે કે ફાયર સેફટીના કેટલાક સાધનો પેટીપેક સીલબંધ હાલતમાં મળી આવ્યા હતા. બે માળનો વિશાળ ડોમમાં કોઈ હવા ઉજાસ નહોતો, બહાર નિકળવાના માર્ગો કે દ્વાર નહોતા. ડોમમાં વ્યાપક પ્રમાણમાં જ્વલનશીલ પદાર્થો હતા, આખુ તોતિંગ સ્ટ્રક્ચર ટેમ્પરરી ખડકાયું હતું છતાં પૈસા લાલચુઓએ એક જ સ્થળે એન્ટ્રી અને એક્ઝીટ રાખી હતી અને પ્રાપ્ત વિગત અનુસાર એન્ટ્રી પાસે જ એ.સી.માં સ્પાર્ક કે અન્ય કારણથી આગ લાગી અને આગ પલકવારમાં તો આખા ડોમને લપેટમાં લઈ લીધો હતો અને તે કારણે લોકો સળગીને ભડથું થઈ ગયા હતા.

શહેરમાં આવા કામચલાઉ સ્ટ્રક્ચર અનેક સ્થળે ખડકાઈ ગયા છે જે અંગે મનપા સૂત્રોએ જણાવ્યું કે જી.ડી.સી.આર. નિયમ મૂજબ કોઈ સીમેન્ટ કોંક્રિટનું બાંધકામ હોય તો તેનો પ્લાન મંજૂર કરાવીને કમ્પલીશન લેવાનું હોય છે પરંતુ, ટેમ્પરરી સ્ટ્રક્ચર માટે આવી જોગવાઈ નથી. આ છટકબારીનો ગેઈમઝોન, હોટલો વગેરે માટે ભરપૂર દુરુપયોગ સરકારી તંત્રએ રાજકોટમાં થવા દીધો છે. આ માટે ૫ અધિકારીઓની એસઆઈટી ટીમ બનાવવામાં આવી છે. વરિષ્ઠ આઈપીએસ અધિકારી સુભાષ ત્રિવેદીના નેતૃત્વમાં ૫ અધિકારીઓની ટીમ કેસની એસઆઈટી તપાસ કરશે.

એ યાદ રહે કે ગેમ ઝોનના માલિક યુવરાજ સિંહ સોલંકી અને માનવિજય સિંહ સોલંકી છે, જેમાંથી પોલીસે ઘટના બાદ ફરાર થયેલા યુવરાજની ધરપકડ કરી છે. આ ઉપરાંત મેનેજર નિતિન જૈનને પણ દબોચી લેવાયો છે. ગેમ ઝોનનું સંચાલન પ્રકાશ જૈન અને રાહુલ રાઠોડને સોંપવામાં આવ્યું હતું. આ અગ્નિકાંડ મુદ્દે પોલીસે અત્યાર સુધીમાં ચાર લોકોની અટકાયત કરી છે.રાજકોટ બારએસોસિએશને કોઈ પણ આરોપીઓનો કેસ નહીં લડવાનો નિર્ણય કર્યો છે.

ઘટના સ્થળ પર રાત્રે ૩ વાગ્યે હાજર રહેલા પરેશ ધાનાણીએ આ મામલે નિંદા વ્યક્ત કરીને કેટલાક મોટા આક્ષેપો કર્યા છે. પરેશ ધાનાણીએ આ ઘટનાને હૃદય ચીરી નાખનારી ગણાવી છે, તેમણે કહ્યું કે, ગેમ ઝોન પાછ ૩-૪ વર્ષથી ચાલી રહ્યો છે. કોઈ પણ પ્રકારની સરકારી મંજૂરી વગર.. કોર્પોરેશનની મંજૂરી વગર.. મનોરંજન વિભાગની મંજૂરી વગર.. પોલીસની મંજૂરી વગર.. ફાયર સેફ્ટિ વિભાગની મંજૂરી વગર.. ગેમ ઝોન ધમધમી રહ્યો હતો.

પરેશ ધાનાણીએ અહીં પહોંચ્યા લોકોની પાસેથી માહિતી એકઠી કરી હતી, જેમાં તેમણે કહ્યું કે લોક મુખેથી જાણવા મળ્યું કે ગેમઝોનમાં શુક્રવારે સામાન્ય આગની ઘટનાએ સંકેત આપ્યા હતા. સામાન્ય આગની ઘટના બાદ પોલીસ અને ફાયર વિભાગે મુલાકાત લીધી હતી. જો શુક્રવારે જ સાવચેતીના પગલાં ભરવામાં આવ્યા હોય તો આ ઘટનાને રોકી શકાઈ હોત.

તેમણે ગેમઝોનની ફાયર સેફ્ટિ સહિત ઈમર્જન્સી એન્ટ્રી એક્ઝિટની રચના અંગે પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, આ બે માળના ગેમઝોનમાં ઉપર જવા અને નીચે આવવા માટે માત્ર એક જ સીડી હતી, આ સીડી પાસે જ આગની ઘટના બની હતી. જેના કારણે ઉપર જે લોકો હતા તે ફસાઈ ગયા હતા

## ચારધામની યાત્રા: માત્ર ૧૫ દિવસમાં ૨૦૦ કરોડથી વધુનો બિઝનેસ, ભક્તોની સંખ્યા ૧૦ લાખને પાર

દેહરાદૂન,

ચારધામની યાત્રાએ આવતા યાત્રિકોએ ગત સિઝનથી ધંધો બમણો કર્યો છે. ખાસ કરીને હોટલ, ઢાબા અને ટ્રાવેલને લગતા વેપારીઓએ ૧૫ દિવસમાં સારો બિઝનેસ કર્યો છે. અંદાજ મુજબ, અત્યાર સુધીમાં ૨૦૦ કરોડથી વધુનું ટર્નઓવર થયું છે. તે જ સમયે, શ્રદ્ધાળુઓની સંખ્યા ૧૦ લાખને પાર કરી ગઈ છે.

મહાનિર્દેશક માહિતી બંશીધર તિવારીએ કહ્યું કે, આ વખતે ચારધામ યાત્રા માટે રેકોર્ડ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. આનાથી ધામોમાં દબાણ વધ્યું, પરંતુ વેપારીઓને સારો ફાયદો થયો. ૧૫ દિવસમાં હોટલ, ઢાબા, ટ્રાવેલ વગેરેના વિવિધ ઉદ્યોગપતિઓએ ચારોધામમાં ૨૦૦ કરોડથી વધુનો બિઝનેસ કર્યો છે. એકલા ગઢવાલ મંડલ વિકાસ નિગમે રૂ. ૨૨ કરોડની કમાણી કરી છે, જ્યારે કર અને અન્ય પ્રત્યક્ષ અને પરોક્ષ કમાણી આના કરતાં અનેક ગણી વધારે છે.



ચારધામ હોટેલ એસોસિએશનના રાજ્ય પ્રમુખ અજય પુરીના જણાવ્યા અનુસાર, ગંગોત્રી ખીણમાં લગભગ ૪૦૦ હોટલ, હોમ સ્ટે અને ધર્મશાળા છે અને ૩૦૦ યમુનોત્રી ખીણમાં છે. બદ્રીનાથ હોટલ એસોસિએશનના પ્રમુખ રાજેશ મહેતાએ જણાવ્યું કે, શ્રીનગરથી બદ્રીનાથ અને રુદ્રપ્રયાગથી કેદારનાથ સુધી ૮૫૦ હોટલ, હોમ સ્ટે અને ધર્મશાળાઓ છે. ગયા વર્ષે ૨૨ એપ્રિલે સીઝન ખુલી ત્યારથી, શરૂઆતમાં ઓછા યાત્રાળુઓ આવ્યા છે.

જ્યારે આ વખતે મોડી મોડી ખુલવાને કારણે પીક સીઝનની સરખામણીએ ભીડ બે થી ત્રણ ગણી વધારે છે. હોટલ અને ઢાબા પરથી અંદાજ લગાવી શકાય છે કે ચારધામમાં ૧૫ દિવસમાં સારો બિઝનેસ થયો છે. અંદાજ મુજબ, હોટલ, ઢાબા અને હોમ સ્ટેમાંથી આશરે રૂ. ૮૦ કરોડ, દુકાનદારો પાસેથી રૂ. ૨૦ કરોડ, ઘોડા, ખચ્ચર, દાંડી કાંડી અને ગાઈડ વગેરેમાંથી રૂ. ૩૦ કરોડ, મુસાફરીમાંથી રૂ. ૪૦ કરોડ અને રૂ. ૩૦ કરોડની કમાણી થઈ છે. અન્ય રાજ્યમાં પાર્કિંગ, પ્રવેશ અને મંદિર સમિતિઓ તેમજ યાત્રાધામના પૂજારીઓ સહિતના વિવિધ કરવેરાથી સારી આવક થઈ છે.

ચારધામ ખાતે યાત્રા વ્યવસ્થાપન માટે સરકારે બે નવા યાત્રા મેજિસ્ટ્રેટની નિમણૂક કરી છે. આ મેજિસ્ટ્રેટ ૨૬ મેથી ૬ જૂન સુધી ફરજ બજાવશે. અગાઉ, સરકારે ૨૫ મે સુધી ત્રણ મેજિસ્ટ્રેટની નિમણૂક કરી હતી. ચારધામ યાત્રા દરમિયાન ભારે ભીડને નિયંત્રિત કરવામાં સરકાર સતત વ્યસ્ત છે. આ ક્રમમાં, સરકારે ૧૩ મેના રોજ બદ્રીનાથ ધામ માટે સીડીઓ હરિદ્વાર પ્રતીક જૈન, ગંગોત્રી-યમુનોત્રી માટે ટિહરીના સીડીઓ અભિષેક ત્રિપાઠી અને કેદારનાથ ધામ માટે હરિદ્વાર-રુરકી ડેવલપમેન્ટ ઓથોરિટીના વાઈસ ચેરમેન અંશુલ સિંહને ૨૫ મે સુધી ટ્રાવેલિંગ મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કર્યા. હતી.તેમની ફરજો પૂર્ણ કર્યા પછી, સરકારે હવે ઝર્ઈ નૈનીતાલ અશોક કુમાર પાંડેને બદ્રીનાથ ધામના ટ્રાવેલિંગ મેજિસ્ટ્રેટ તરીકે અને છહ્ફ્ર એડમિનિસ્ટ્રેશન પંકજ કુમાર ઉપાધ્યાયને કેદારનાથના ટ્રાવેલિંગ મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કર્યા છે. બંને અધિકારીઓને ૬ જૂન સુધી આ જવાબદારી સોંપવામાં આવી છે. પોસ્ટિંગ સમયગાળા દરમિયાન, તેઓએ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટની દેખરેખ હેઠળ કામ કરવું પડશે.

## દુબઈ વિશ્વનો સૌથી સુરક્ષિત અને કુદરતી સૌંદર્યવાળો દેશ છે,બાગેશ્વર બાબા

નવીદિલ્હી,

બાગેશ્વરધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી આજકાલ દુબઈમાં છે. ત્યાં બાવીસમી તારીખે તેમનો દરબાર ભરાયો હતો અને ૨૬ મે સુધી આ દરબાર ચાલશે. આ દરમ્યાન બાગેશ્વર બાબા જાણે દુબઈના પ્રેમમાં પડી ગયા હોય એવાં નિવેદનો કરી રહ્યા છે અને સોશ્યલ મીડિયા પર યુનાઈટેડ આરબ અમીરાતનાં જબરજસ્ત વખાણ કરી રહ્યા છે. અબ્દુલ્લા ગ્રુપના ચૅરમૅન ડૉ. બીયુ અબ્દુલ્લાએ પણ ધીરેન્દ્ર શાસ્ત્રીનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને એ વખતે ભારતમાં જેમ ભક્તોની ભીડ લાગે છે એવી જ ભીડ દુબઈમાં પણ જમા થઈ હતી. અબ્દુલા ગ્રુપના ચૅરમૅન પણ બાબા પર ઓળઘોળ હોય એમ સોશ્યલ મીડિયામાં પોસ્ટ લખી હતી કે 'ગુરુજી ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી દુબઈ આવ્યા એ અમારા માટે વિશેષ અવસર છે. આ અવસરને ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો અને આધ્યાત્મિક એકતાના ઉત્સવ



તરીકે જોવો જોઈએ.'

બીજી તરફ બાબા પણ દુબઈની સુંદરતાનાં ભરપૂર વખાણ કરતાં કહે છે, 'હું દુબઈ પહેલી વાર આવ્યો છું, આ જગ્યા ખૂબ અદ્ભુત છે. અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય અપ્રતિમ છે. અહીંના લોકો બહુ વિનમ્ર છે. આખા વિશ્વમાં સૌથી સુરક્ષિત દેશ દુબઈ છે.'

દુબઈમાં છેલ્લાં ૧૨ વર્ષથી ટિકિટ ખરીદી રહેલી મહિલાને ૮ કરોડની લૉટરી લાગીદુબઈમાં છેલ્લાં ૧૨ વર્ષથી ટિકિટ ખરીદી રહેલી મહિલાને ૮ કરોડની લૉટરી લાગી

દુબઈમાં દુનિયાનું સૌથી મોટું ઍરપોર્ટ બનશે, એમાં ૪૦૦ જેટલા ટર્મિનલ ગેટ હશેદુબઈમાં દુનિયાનું સૌથી મોટું ઍરપોર્ટ બનશે, એમાં ૪૦૦ જેટલા ટર્મિનલ ગેટ હશે

## મોંઘવારી કાળ, લીલા શાકભાજી બાદ કઠોળના ભાવમાં રૂ.૨૫ સુધીનો વધારો

અમદાવાદ,

સામાન્ય દિવસોમાં તુવેરની દાળ રૂ.૮૦ની કિલો મળતી હતી તે અત્યારે રૂ.૧૯૦ની મળી રહી છે. ઉનાળામાં અસહ્ય ગરમીને લીધે નાળિયેરની અછત ઉભી થતા ભાવોમાં વધારો થયો છે. સામાન્ય દિવસોમાં નાળિયેર રૂ.૪૦ થી ૪૫માં મળતા હતા તે અત્યારે રૂ.૭૦ થી ૯૦માં મળી રહ્યા છે. જેમાં મોટું નાળિયેર રૂ.૧૦૦માં મળી રહ્યું છે. આ ઉપરાંત લીલા શાકભાજીની આવક ઓછી થઈ છે જેના લીધે શાકભાજીના ભાવોમાં પણ કિલોએ રૂ.૨૦ સુધીનો વધારો થઈ ગયો છે. કઠોળના ભાવો વધવાને લીધે ગુજરાતી ભાણામાંથી હવે કઠોળ ગાયબ થઈ ગયા છે. આમ ખાણી-પીણીના ભાવોમાં આસમાને પહોંચી ગયા હોવા છતાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં રહેતા હોવાથી છેલ્લા ઘણા સમયથી કેટલાક લેભાગુ તત્ત્વો કઠોળ અને શાકભાજીમાં કૃત્રિમ ભાવ વધારો કરી રહ્યાં છે. જેના લીધે ગૃહિણીના બજેટ ઉપર સીધી અસર જોવા મળી છે. ગૃહિણીઓએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, હવે કયાં સુધી અમે ધીરજ રાખીએ, મોંઘવારી ઘટવાનું નામ લેતી નથી. ઊલટાનું મોંઘવારી વધતી જાય છે. બીજી તરફ અન્ન નાગરિક પુરવઠા વિભાગ અને તોલમાપ વિભાગમાં અપુરતા સ્ટાફને લીધે બજારમાં કોઈ તપાસ કરવા જતા નથી જેના લીધે લેભાગુ વેપારીઓ કિંમતમાં કૃત્રિમ ઉછાળો લાવીને પ્રજાને છેતરી

ખાંડમાં કિલોએ રૂ.૪ સુધીનો વધારો આવ્યો છે. સામાન્ય દિવસોમાં ખાંડ રૂ.૪૦ની મળતી હતી તેના હાલમાં રૂ.૪૨ થી ૪૪ કિલો થયા છે. જયારે ઘરમાં વાપરવામાં આવતી મોટા દાણાની ખાંડ રૂ.૫૨ થી ૫૮ મળી રહી છે.

સામાન્ય દિવસોમાં લીંબુ રૂ.૪૦ના કિલો મળતા હતા. પરંતુ ઉનાળામાં લીંબુનો ઉપાડ વધતા અચાનક બજારમાં લીંબુની આવક ઓછી થઈ જતા હાલ રૂ.૧૩૦ના કિલો હોલસેલમાં મળી રહ્યા છે. જયારે છુટક લીંબુ એક કિલો રૂ.૨૦૦માં મળી રહ્યા છે. આગામી દિવસોમાં ભાવોમાં હજુ ઉછાળો આવી શકે છે તેમ શાકભાજીના વેપારી જણાવી રહ્યા છે.ચણાની દાળના ભાવો વધતા ફરસાણના ભાવ વધી ગયા છે. ચોળાફળી રૂ.૨૦૦ની કિલો મળતી હતી તેના ભાવ વધી રૂ.૪૫૦થી ૫૦૦ થયા છે. ફાફડા, વણેલા ગાંઠિયા રૂ.૪૦૦થી ૫૦૦ કિલો લેખે વેચાય છે. નાયલોન ખમણ રૂ.૨૫૦માં વેચાય છે. વાટીદાળના ખમણ રૂ.૨૬૦ થી ૩૦૦ કિલો વેચાય છે. ઉપરાંત દહીંવાળા ખમણ રૂ.૩૨૦ કિલો વેચાઈ રહ્યાં છે.

## પાકિસ્તાનમાં ગંભીર વાયરસ ફેલાઈ રહ્યો છે,બકરીઈદ પહેલા સરકારે એલર્ટ જાહેર કર્યુ

ઈસ્લામાબાદ

દુનિયાભરમાં ઈદ ઉલ અઝહાની તૈયારીઓ થઈ રહી છે. પરંતુ બકરીઈદ પહેલા પાકિસ્તાનમાં ખતરનાક વાયરસનો ખતરો છે. તેનું નામ ક્રિમિઅન-કોંગો હેમરેજિક ફીવર છે. તેને કોંગો વાયરસ પણ કહેવામાં આવે છે. દેશની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થે પણ નાગરિકો માટે વાયરસથી રક્ષણ અંગે એડવાઈઝરી જારી કરી છે. ચાલો જાણીએ કે કોંગો ફીવર શું છે અને શા માટે તે દર વર્ષે પાકિસ્તાન માટે માથાનો દુખાવો બની જાય છે.સીસીએફએચએ વાઈરલ તાવ છે જે બગાઈના નાઈરોવાયરસ (કરોળિયાથી સંબંધિત)ને કારણે થાય છે. ગયા વર્ષે પણ પાકિસ્તાનમાં કોંગો વાયરસનો પ્રકોપ જોવા મળ્યો હતો. ૨૦૨૩ માં, પાકિસ્તાનમાં આ તાવના ૧૦૧ કેસ નોંધાયા હતા, જેમાંથી એક ચતુર્થાંશ લોકો મૃત્યુ પામ્યા હતા. હાલમાં આ રોગનો કોઈ ઈલાજ કે રસી નથી.

સીસીએફએચને ગંભીર વૈશ્વિક આરોગ્ય ખતરો ગણવામાં આવે છે. તેના કેસ એશિયા, આફ્રિકા, યુરોપ અને મધ્ય પૂર્વમાં નોંધાયા છે. સીસીએફએચ ૧૯૪૪ માં ક્રિમીયામાં પ્રથમ વખત નોંધવામાં આવ્યું હતું. પછી તેને ક્રિમિઅન હેમરેજિક ફીવર નામ આપવામાં આવ્યું. પછી ૧૯૬૦ ના દાયકાના અંતમાં કોંગોમાં સમાન રોગની જાણ કરવામાં આવી હતી. પછી તેનું નામ બદલીને ક્રિમિઅન-કોંગો હેમોરહેજિક ફીવર રાખવામાં આવ્યું.કોંગો વાયરસ પ્રાણીઓની ચામડી પર ચોંટી રહેલા હ્યુમરલ્સ નામના ટીક્સ (પરોપજીવી) દ્વારા મનુષ્યમાં ફેલાય છે. આ વાયરસ ટિક કરડવાથી અથવા ચેપગ્રસ્ત પ્રાણીના લોહીના સંપર્ક દ્વારા મનુષ્યોમાં ફેલાય છે. આ વાયરસ ઘેટાં અને બકરા દ્વારા ઝડપથી ફેલાય છે. જારી કરાયેલ એડવાઈઝરી અનુસાર, આ વાયરસ ચેપગ્રસ્ત વ્યક્તિના લોહી અથવા શરીરના પ્રવાહીના સીધા સંપર્ક દ્વારા એક વ્યક્તિથી બીજામાં ફેલાઈ શકે છે.

કોંગો વાયરસના નોંધાયેલા કેસોમાં પાકિસ્તાન એશિયાનો ચોથો સૌથી મોટો દેશ છે. તેનાથી આગળ તુર્કી, રશિયા અને ઈરાન છે. પાકિસ્તાનને ૧૯૭૬માં પ્રથમ વખત સીસીએચએફ ફાટી નીકળ્યું હતું. ત્યારથી, નાની સંખ્યામાં કેસ નોંધાતા રહ્યા છે. દેશના ગ્રામીણ વિસ્તારોમાં પ્રાણીઓની જાળવણીની ખોટી પદ્ધતિને આ રોગ ફેલાવવાનું મુખ્ય કારણ માનવામાં આવે છે.ઈસ્લામાબાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થે ચેતવણી આપી છે કે ઈદ અલ-અદહાના અવસર પર કોંગો વાયરસ ફેલાવાનું વધુ જોખમ છે. એડવાઈઝરીમાં લખવામાં આવ્યું છે કે, 'આગામી ઈદ અલ-અદહાને કારણે તમામ પ્રાંતોમાંથી પ્રાણીઓની અવરજવરમાં વધારો થયો છે, જેના કારણે સામાન્ય લોકો અને પ્રાણીઓ વચ્ચેનો સંપર્ક વધ્યો છે. જેના કારણે કોંગો ફીવર ફેલાવાનું જોખમ વધી ગયું છે.આ વાયરસની કોઈ રસી ન હોવાથી લોકોને સાવચેતી સાથે જોખમવાળા વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે. એડવાઈઝરીમાં ફુલ સ્લીવ્ઝ અને હળવા રંગના કપડા પહેરવાનું કહેવામાં આવ્યું છે. હળવા રંગના કપડા પહેરવાથી ટીક્સ સરળતાથી દેખાશે. આ સિવાય જંતુઓને દૂર રાખતી ક્રિમ લગાવવાની સલાહ આપવામાં આવી

## ચીનમાં ઈસ્લામ ધર્મની છેલ્લી મોટી મસ્જિદ તોડી પડાઈ, સેટેલાઈટ ઈમેજમાં ખુલાસો થયો

બીજીંગ,

ભારતના પાડોશી દેશ ચીનમાં હવે ઈસ્લામ ધર્મની મસ્જિદો પર ત્યાંની સરકાર એક્શન લઈ રહી છે. તાજેતરમાં જ ચીનની છેલ્લી મોટી મસ્જિદના ગુંબજ કે જેણે ઈસ્લામિક શૈલીના વિશેષતાઓને જાળવી રાખી હતી તેને તોડી પડાયુ છે. આ મસ્જિદના મિનારાઓમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યા છે. ચીનમાં ઈસ્લામ પ્રથાને રોકવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે.શાદિયનની ગ્રાન્ડ મસ્જિદ ચીનની સૌથી મોટી અને ભવ્ય મસ્જિદોમાંની એક છે. તે દક્ષિણપશ્ચિમ યુનાન પ્રાંત પર સ્થિત છે.

ગયા વર્ષ સુધી ૨૧,૦૦૦-ચોરસ-મીટર સંકુલમાં એક મોટી ઈમારતનો સમાવેશ થતો હતો, જેની ટોચ પર અર્ધચંદ્રાકાર ચંદ્ર સાથે ટાઈલવાળા લીલા ગુંબજ હતા. બંને બાજુ ચાર નાના ગુંબજ અને ઊંચા મિનારા હતા. ૨૦૨૨ના સેટેલાઈટ ફોટોમાં જોવા મળ્યું હતું કે મસ્જિદનો પ્રવેશ દ્વાર કાળી ટાઈલ્સથી બનેલો હતો.આ વર્ષે ફોટોગ્રાફ્સ, સેટેલાઈટ ઈમેજ અને સાક્ષીઓ દર્શાવે છે કે ચીને ગુંબજ હટાવી દીધો છે. તેની જગ્યાએ હાન ચાઈનીઝ સ્ટાઈલ પેગોડાની છત બનાવવામાં આવી છે. મિનારાઓને ટૂંકાવીને પેગોડા ટાવર્સમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. મસ્જિદની બહારથી, છત પર અર્ધચંદ્રાકાર અને તારાઓની ટાઈલ્સની કેડી દેખાય છે. યુનાનની અન્ય ઐતિહાસિક મસ્જિદ નજિયાયિંગમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. તે શાદિયનથી ૧૦૦ માઈલથી પણ ઓછું છે.ચીની કૉમ્યુનિસ્ટ પાર્ટીની સેન્ટ્રલ કમિટીએ ૨૦૧૮માં એક દસ્તાવેજ પ્રકાશિત કર્યો હતો. આમાં મસ્જિદોના નિયંત્રણ અને એકીકરણ વિશે જણાવવામાં આવ્યું હતું. જેમાં સરકારને બને તેટલી વધુ મસ્જિદો તોડીને ઓછી બાંધવા તાકીદ કરવામાં આવી હતી. આવી રચનાઓની કુલ સંખ્યા ઘટાડવાનો પણ પ્રયાસ કરો. આ સિવાય દસ્તાવેજમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે મસ્જિદોના નિર્માણ, લેઆઉટ અને ફાઈનાન્સિંગ પર નજર રાખવામાં આવે.

## બસ રોડની બાજુની ઝૂંપડપટ્ટી સાથે અથડાઈ, ૪ મજૂરોના ઘટનાસ્થળે જ મોત

પણજી,

દક્ષિણ ગોવા જિલ્લાના એક ઔદ્યોગિક વિસ્તારમાં એક ખાનગી બસ રસ્તાની બાજુની બે ઝૂંપડીઓમાં ઘૂસી જતાં ચાર મજૂરોના મોત થયા હતા અને અન્ય પાંચ ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે રવિવારે આ જાણકારી આપી. તેમણે જણાવ્યું હતું કે વર્ના વિસ્તારમાં શનિવારે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે અકસ્માત થયો હતો જ્યારે રોડ નિર્માણ કાર્યમાં રોકાયેલા કામદારો ઝૂંપડપટ્ટીની અંદર સૂઈ રહ્યા હતા.નાયબ પોલીસ અધિક્ષક સંતોષ દેસાઈએ જણાવ્યું કે બસ ડ્રાઈવરની ઓળખ નજીકના ગામ કાર્ટોલિમના રહેવાસી ભરત ગોવેકર તરીકે થઈ છે. તેમણે કહ્યું કે ડ્રાઈવરની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી રહી છે. તેણે કહ્યું કે ડ્રાઈવરની મેડિકલ તપાસમાં પુષ્ટિ થઈ છે કે તે ઘટના સમયે દારૂના નશામાં હતો. એક મજૂરે દાવો કર્યો હતો કે બસ ડ્રાઈવર તે સમયે દારૂના નશામાં હતો.તેમણે અન્ય કામદારોને ધમકી આપી હતી કે જો તેઓ આ ઘટના અંગે કોઈને ફરિયાદ કરશે તો તેઓ તેમને મારી નાખશે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે એક ખાનગી કંપનીના કર્મચારીઓને લઈ જતી બસે બે ઝૂંપડીઓને ટક્કર મારી હતી જેમાં કામદારો સૂતા હતા. "ચાર મજૂરો સ્થળ પર જ મૃત્યુ પામ્યા હતા, જ્યારે પાંચ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા," તેમણે જણાવ્યું હતું.




## ગેમઝોન બનાવવા જે મટેરિયલનો ઉપયોગ કરવામાં આવે છે, જે ઝડપી આગ પકડી લે છે,પૂર્વ ચીફ ફાયર ઓફિસર

અમદાવાદ

રાજકોટના નાનામોવા રોડ પર ગેમઝોનમાં ભીષણ આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં ૩૨ લોકોના મોત થયા હોવાની પ્રાથમિક માહિતી મળી છે. સયાજી હોટલ પાસે ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી ભયંકર હતી કે એક કિમી સુધી ધુમાડાના ગોટે ગોટા દેખાયા હતા. આગ લાગતા ગેમઝોન બળીને ખાખ થયો છે.ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબુ મેળવવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. અગાઉ અમદાવાદના ગેમઝોન પણ આગ લાગી હતી, ત્યારે અમદાવાદ બાદ રાજકોટના ગેમઝોનમાં આગ લાગતા અનેક સવાલો ઉઠાવ્યા છે. અનેક ઘટનાઓ બાદ કેમ કાળજી લેવાતી નથી ?આ અંગે પૂર્વ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટે કહ્યું કે, ગેમઝોન બનાવવામાં ફેબ્રિકેશન સહિત એવા મટેરિયલનો ઉપયોગ કરવામાં આવે છે, જે ઝડપી આગ પકડી લે છે. આ ઉપરાંત ગેમઝોનમાં વપરાતા રમતગમતના સાધનો રબર અને પ્લાસ્ટિકના બનેલા હોય છે, જેમાં ઝડપથી આગ ફેલાય છે. ગેમઝોનમાં પર્યાપ્ત માત્રામાં ફાયર સેફટીના સાધનો તથા ઈમરજન્સી ગેટ હોવા જોઈએ.

મહિસાગર, ખેડા આવૃતિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# લુણાવાડા અને મલેકપુરમાં એનીમલ હેલ્થ ફાઉન્ડેશન દ્વારા પક્ષીઓ માટે કુંડાનું વિતરણ કરાયું



મલેકપુર, પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પક્ષીઓ માટે કુંડા વિતરણ કરાયાં. અબોલા પક્ષીઓ માટે કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું. દરેક ઘરે પક્ષીઓ માટે પાણીના ઢીબ (કુંડા)નો નિશુલ્ક વિતરણ પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાયત્રી પરિવાર મલેકપુર અને એનિમલ હેલ્થ ફાઉન્ડેશન ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

કાળઝાળ ગરમીમાં પક્ષીઓને પાણી પીવા માટે પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાયત્રી પરિવાર મલેકપુર અને એનિમલ હેલ્થ ફાઉન્ડેશન દ્વારા લુણાવાડા અને મલેકપુર માં કુંડા વિતરણ કરાયા હતાં. કાળજાળ ગરમીમાં અબોલા પક્ષીઓને પીવાનું પાણી મળી રહે અને પક્ષીઓ પોતાની તરસ છીપાવી શકે તેવા સારા ઉદ્દેશથી લુણાવાડામાં પોસ્ટ ઓફિસ અને ગાયત્રી શકિતપીઠ મલેકપુર પાસે પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટ , ગાયત્રી પરિવાર તથા એનિમલ હેલ્થ ફાઉન્ડેશન દ્વારા પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. લોકો પોતાના ઘરની બહાર પાણીના કુંડામાં પાણી ભરી લટકાવી શકે અને અબોલા પક્ષીઓની તરસ છિપાવી શકે તે માટે મોટી સંખ્યામાં લોકો પાણીના કુંડા લેવા માટે આવ્યા હતા. પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટ , ગાયત્રી પરિવાર મલેકપુર અને એનિમલ હેલ્થ ફાઉન્ડેશન દ્વારા ઉનાળાના ધોમધખતા તાપમાં, ગરમીની વચ્ચે અબોલા પક્ષીઓ માટે કુંડાનું નિશુલ્ક વિતરણ સંતરામપુર નગરમાં કરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાય સમયથી ઉનાળાની ગરમીની વચ્ચે પક્ષીઓને પાણી પીવાની સમસ્યા જોવા મળતી હોય છે, ત્યારે નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું અત્યાર સુધી ૫૦૦૦ થી ઉપર કુંડાનું વિતરણ કરવામાં આવ્યું છે તથા મહિસાગર જીલ્લાના વિવિધ તાલુકા અને ગામોમાં જેવા કે સંતરામપુર, લુણાવાડા, મલેકપુર, લીંબડીયા, વિરણીયા, વીરપુર, વરઘરી, લાડવેલ, કોઠંબા, ચાવડિયા, જેવા વિવિધ ગામોમાં કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું

મલેકપુર ગાયત્રી શકિતપીઠ ખાતે પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પક્ષીઓ માટે કુંડા નું વિતરણ કરવામાં આવ્યું છે તે તસ્વીરમાં નજરે પડે છે

# મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર ગાયત્રી શકિતપીઠ ખાતે બાળ સંસ્કારનો કાર્યક્રમ યોજવામાં આવ્યા



મલેકપુર, તારીખ ૨૪.૦૫.૨૦૨૪ના રોજ ગાયત્રી શક્તિપીઠ મલેકપુર ખાતે સમગ્ર મહીસાગર જીલ્લાની બાળ સંસ્કાર કેન્દ્રની તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ તાલીમ અમદાવાદ થી પધારેલા પ્રવીણભાઈ પંચાલ તથા જેન્તીભાઈ ઓઝાની ટીમ દ્વારા આપવામાં આવી. જેનો લાભ સમગ્ર મહિસાગર જીલ્લાના ૧૫૦ જેટલા ભાઈ બહેનોએ લીધો જેમાંથી ૩૦ ભાઈ–બહેનોએ બાળ સંસ્કાર કેન્દ્ર ચલાવવાનો સંકલ્પ કર્યો. આ કાર્યક્રમમાં મહીસાગર જીલ્લા શિક્ષણ અધિકારી અવની બા મોરી ઉપસ્થિત રહ્યા અને પ્રાસંગિક ઉદબોધન પણ આપ્યું સમગ્ર કાર્યક્રમ જીલ્લા સંયોજક જે.કે.પટેલ તથા મહીસાગર જીલ્લાના ગાયત્રી પરિવારના ભાઈ–બહેનો તથા મલેકપુર શકિતપીઠ તથા મા ભગવતી મહિલા મંડળના સહયોગથી ઉપ સફળતાપૂર્વક સંપન્ન થયો.

આજના ભૌતિકતા ભર્યા વાતાવરણમાં ઉચ્ચ માનવીએ આદર્શો અને સિદ્ધાંતોની અપેક્ષા થઈ રહી છે. આસ્થાઓનું સ્તર વિકૃત અને ચિંતન નિષ્કૃષ્ટ બની જવાથી ઓનલાઇન ટિક્કતાની વૃદ્ધિ થઈ રહી છે. એવામાં ગાયત્રી પરિવારના સંસ્થાપક શ્રીરામ શર્મા આચાર્યજીનો સંકલ્પ છે કે મનુષ્યમાં દેવત્વ નું જાગરણ થાય અને ધરતી પર સ્વર્ગીય વાતાવરણનું અવતરણ થાય એ હેતુથી આપણું રાષ્ટ્ર સમર્થ અને સશક્ત કેવી રીતે બને એ માટે આજનું બાળક જ ભવિષ્યમાં સમાજસેવક તથા રાષ્ટ્રનેતા બનવા જઈ રહ્યો છે. ત્યારે બાળકોની અંદર ભારતીય સંસ્કૃતિના સંસ્કારો માનવીય જીવન મૂલ્યોનો વિકાસ કેવી રીતે થાય અને જીવન જીવવાની યોગ્ય દિશાધારા બાળકોને પ્રાપ્ત થાય એ હેતુથી બાળ સંસ્કાર કેન્દ્રો સ્થપાય એ હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

જેમાં બાળકોની દિનચર્યા કેવી હોવી જોઈએ યોગ પ્રાણાયામ કેવી રીતે કરવા યાદ શકિત તથા બુદ્ધિ શકિત વધારવાના ઉપાય તથા બાળ નિર્માણની વાર્તાઓ જેવી સમગ્ર બાબતોને આવરી લઈ પ્રેક્ટીકલ પ્રયોગો પણ બતાવવામાં આવ્યા.

# મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના મૈયાપુર ગામે મગરનું રેકસ્યુ કરાયું



મલેકપુર, મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના મૈયાપુર ગામના ઘાટી ફળીયામાં રહેતા ખાંટ માંનાભાઈ લક્ષ્મણભાઈના ઘર આગળ સવારના ૫ વાગ્યે ૪ ફુટ લાંબો મગર જોવા મળતા ખાનપુર વન વિભાગને જાણ કરતાં ખાનપુર ફોરેસ્ટના જે.બી. ગોહિલ, કાયમી વોચમેન કે.પી. રાઠોડ તેમજ આર.આર.માલીવાડ દ્વારા મગરનું રેકસ્યુ કરી કારંટા ખાતે આવેલ ભાદર નદીમાં સહીસલામત છોડી મૂકવામાં આવ્યો હતો.

# સંતરામપુરના નંદનવનમાં રહેતા કાપડના વેપારીનો પુત્ર ગુમ થતાં ફરિયાદ

સંતરાપુર, સંતરામપુર કોલેજ રોડ વિસ્તારમાં નંદનવન સોસાયટીમાં રહેતા કાપડના વેપારી બાબુભાઈ મારવાડીના પુત્રનું રહસ્ય સંજોગોમાં ગુમ પોલીસે જાણવા જોગ દાખલ કરી. સંતરામપુર કોલેજ રોડ વિસ્તારમાં નંદનવન સોસાયટીમાં રહેતા કાપડના વેપારી બાબુભાઈ મારવાડી ૧૪ વર્ષનો છોકરો આર્યનો સોસાયટી વિસ્તારના પાછળના ભાગે ખુલ્લા મેદાનમાં ક્રિકેટ રમવા રોજ જાય છે, પરંતુ તે દિવસે પોતાના ઘરેથી હું ક્રિકેટ રમવા જવું છું તેમ કહીને નીકળો હતો. સાંજે છ કલાક સુધી ઘરે ન આવી રહેતા તેમના ઘરના પરિવારો શોધખોળ કરી હતી. પરંતુ ન આવતા સંતરામપુર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ દાખલ કરવામાં આવેલી હતી. ૨૪ કલાકનો સમય પસાર થઈ ગયો છતાંય છોકરા ન હજુ સુધી કોઈ પત્તો લાગ્યો ન હતો. સંતરામપુરમાં આવી ઘટના બનતા સ્થાનિક લોકોમાં પણ ડરનું માહોલ જોવા મળી આવેલું હતું. સંતરામપુર થી લુણાવાડા રોજ ડેલી ક્રિસ્ટલ સ્કૂલમાં સ્કૂલમાં રોજ અપડાઉન કરે છે, રોજ જતો હતો.

# ખાનપુરના વડાગામ પાસે મીની ટ્રાવેલ્સ પલ્ટી જતાં ૧૦ લોકોને નાની મોટી ઈજાઓ : સદ્દનસીબે જાનહાનિ ટળી



મલેકપુર, ખાનપુર તાલુકાના વડાગામ પાસે મીની ટ્રાવેલ્સ પલટી મારી હતી. ટ્રાવેલ્સમાં ૧૭ લોકો સવાર હતા તમામ લોકો નવસારી જીલ્લાના વતની છે .

ખાનપુર તાલુકાના વડાગામ અને ગાગટા ગામ પાસે આ બનાવ બન્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર ચારધામની યાત્રા પર યાત્રિકો નીકળ્યા હતા. જ્યાં યાત્રા પુરી કરી પરત જતા આ ઘટના બની હતી. આ મીની ટ્રાવેલ્સ માં મહિલા પુરૂષો સહિત નાના બાળકો સવાર હતા તમામ લોકો નવસારી જીલ્લાના વતની છે. મળતી પ્રાથમિક માહિતી અનુસાર ૧૦ લોકોને ઈજાઓ પહોંચી છે.

આ અકસ્માતની ઘટનાં બનતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ માં તમામ ઈજાગ્રસ્તોને લુણાવાડાની જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જોકે, આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હોવાની માહિતી મળી હતી. સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર એક કાર ઓવરટેક કરતા બેલેન્સ બગડ્યું હતું. જેને લઈ આ મીની ટેમ્પો ટ્રાવેલ્સ રોડની સાઈડમાં ઉતરીને પલટી ખાઈ ગઈ હતી.

# એનઈપીના નામે રાજ્યોમાં શિક્ષણનું ભગવાકરણ થઈરહ્યુંછે,સપાના ધારાસભ્ય

ભવંડી, લોકસભા ચૂંટણી વચ્ચે સમાજવાદી પાર્ટીના ધારાસભ્યએ ભાજપ પર પ્રહારો કર્યા છે. ભિવંડી પૂર્વના સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય રઈસ શેખે આરોપ લગાવ્યો છે કે રાજ્ય શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમમાં માનસ શ્લોકો અને ભગવદ ગીતાનો સમાવેશ સ્પષ્ટપણે દર્શાવે છે કે કેવી રીતે ભાજપ હિન્દુ રાષ્ટ્રના એજન્ડા પર કામ કરી રહી છે. એસપી ધારાસભ્યએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(એનઈપી)ના નામે ભાજપ શાસિત રાજ્યોમાં શાળા શિક્ષણનું ભગવાકરણ કરવામાં આવી રહ્યું છે.ધારાસભ્ય રઈસ શેખે વધુમાં જણાવ્યું હતું કે ધર્મ અને શિક્ષણ અલગ છે. ભારતનું બંધારણ ધર્મને શિક્ષણમાં પ્રવેશવા દેતું નથી. આ અંગે સ્પષ્ટતા કરતા ધારાસભ્ય શેખે જણાવ્યું હતું કે 'એસસીઈઆરટી' એ ભગવદ ગીતા, માનસ શ્લોકા અને મનુસ્મૃતિને શાળાના અભ્યાસક્રમમાં સામેલ કરીને ભારતીય બંધારણના માર્ગદર્શિકાનું સ્પષ્ટ ઉલ્લંઘન કર્યું છે.ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે નવા અભ્યાસક્રમ અંગે શાળા પ્રશાસન દ્વારા વાંધો ઉઠાવવામાં આવે તો વિદ્યાર્થીઓને શાળામાંથી કાઢી મૂકવાની મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણય રાષ્ટ્રીય બાળ શિક્ષણ અધિકાર કાયદાની વિરુદ્ધ છે. શિક્ષણની પરંપરાને બદલવાની આડમાં ભાજપ સરકારો શિક્ષણને ધર્મના રંગમાં રંગાવી રહી છે. ધારાસભ્ય રઈસ શેખે દાવો કર્યો છે કે નવા પાઠ્યપુસ્તકો પૂર્વગ્રહ અને ભેદભાવના આધારે બનાવવામાં આવી રહ્યા છે. વધુમાં, એસપી ધારાસભ્યએ કહ્યું કે અગાઉ પણ જ્યારે અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, ત્યારે રાજ્ય મંત્રી મંગલ પ્રભાત લોઢાએ મુંબઈ મહાનગરપાલિકાની શાળાઓમાં ભગવાન રામના વિષયો પર નિબંધ, ચિત્ર, કવિતા અને નાટક સ્પર્ધાઓનું આયોજન કરવાનો આદેશ આપ્યો હતો. તે સમયે સમાજવાદી પાર્ટીએ આ સ્પર્ધાઓનો વિરોધ કર્યો હતો.

# કાલોલ ના દોલતપુરા ગામ નજીક નાળાની દીવાલ સાથે તુફાન ગાડી નો સર્જાયો અકસ્માત ડ્રાયવર નું ઘટણા સ્થળે મોત



કાલોલ મધ્યપ્રદેશના બડગામ તાલુકા ભાભરા જીલ્લા અલીરાજપુર ખાતે રહેતા અશોકભાઈ સતનાભાઈ માવી અંદાજે ૧૯ વર્ષીય તેમજ ફરીયાદી નીલેશભાઈ ભરતભાઈ ગણવા ગોંડલ વાછાવાડ ખાતેથી ડ્રાઈવર સાથે કન્ડક્ટર પોતાની તુફાન ગાડીમાં ગોંડલ વાછાવાડથી કામ પતાવી પરત પોતાના વતન મધ્યપ્રદેશના બડગામ પોતાની તુફાન ગાડી ત્રઉં ૧૭ ઈ અ ૧૨૮૭ લઈને પરત કાલોલથી મલાવ ચોકડી તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન રવિવારના વહેલી સવારના આશરે છએક વાગ્યાના સુમારે કાલોલ ના દોલતપુરા ગામ નજીક રોડ પરથી પસાર થતા તુફાન ગાડી ના સ્ટેરીંગ પરથી મહેશભાઈ નો કોઈ કારણોસર કાબુ ગુમાવતા કાર બેકાબુ થઈ રોડની સાઈડમાં ડાબી બાજુના નાળાની દીવાલ સાથે ડ્રાઈવર સાઈડના ભાગે ધડાકાભેર અથડાઈ હતી જેમાં તુફાન ગાડી ધડાકાભેર નાળાની દીવાલ સાથે જઈને અથડાઈને પુલ ની દીવાલ કૂદીને ડાબી સાઈડના કોતરમાં પલટી મારતાં ડ્રાયવર સીટ પર બેઠેલા અશોકભાઈ સીટ ઉપર સ્ટેરીંગ સાથે દબાઈ ગયા હતા જેમાં છાતી તથા માથા સહિત શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ તેઓનું કરુણ મોત નિપજ્યું હતું જ્યારે તેઓની પાછળની સીટ પર બેઠેલ કન્ડેકટર નિલેશભાઈ ને પણ શરીરના ભાગે નાની મોટી ઈજાઓ પહોંચી હતી જેમાં અકસ્માત જોઈ આસપાસથી પસાર થતા વાહન ચાલકો તેમજ આસપાસના સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બનાવ અંગેની જાણ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને કરી હતી જેમાં અકસ્માતમાં મરણ જનાર ડ્રાયવર અને ઈજાગ્રસ્ત થયેલ નિલેશભાઈ ને ૧૦૮ એમ્બ્યુલન્સના ડ્રાયવર તથા સ્ટાફની મદદથી ડ્રાયવર સાઈટના દરવાજાનું લોક તોડી તુફાન ગાડીમાંથી બહાર કાઢીને ૧૦૮ એમ્બ્યુલન્સના ડ્રાયવરે કાલોલ પોલીસ સ્ટેશન ટેલિફોન વર્ધીથી ઉપરોક્ત બનાવની જાણ કરતા કાલોલ પોલીસ આવતા અકસ્માતમાં ઘટના સ્થળે જ મોતને ભેટેલા મહેશભાઈ સતનાભાઈ માવી ના મૃતદેહને રિક્ષામાં મૂકી પોસ્ટમોર્ટમ માટે કાલોલ પોલીસે રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો જ્યારે બનાવ અંગે કાલોલ પોલીસે પોલીસ ચોપડે અકસ્માતનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી

# તાઈવાનના લોકોએ યૂક્રેનની જેમ તૈયારી શરૂ કરી, ટ્રેનિંગ આપવામાં આવી

તાઈપે, યૂક્રેનમાં ચાલી રહેલા યુદ્ધની સ્થિતિમાં તાઈવાન પણ પોતાને યુદ્ધ માટે તૈયાર કરી રહ્યું છે. ચીન સાથેના સંભવિત યુદ્ધની આશંકાથી તાઈવાનના લોકો પોતાને જ ટ્રેઈન કરી રહ્યા છે.

તેઓ નકલી મિસાઈલોનો વિસ્ફોટ કરવાથી લઈને ઘાયલ પડેલા લોકોને મદદ કરવા સુધીની યુદ્ધ દરમિયાન પડનારી દરેક મુશ્કેલીઓ માટેની તૈયારીઓ કરી રહ્યા છે. આવું એટલા માટે થઈ રહ્યું છે કેમ કે,ચીન હવે તાઈવાનને કબજે કરવાની ફિરાકમાં દેખાઈ રહ્યું છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ શુક્રવારે સત્તા પર કબજો કરવાની પોતાની ક્ષમતાનું પરીક્ષણ કર્યુ હતું. તેણે કહ્યું કે તેની સેનાઓએ તાઈવાનના રાષ્ટ્રપતિ લાઈ ચિંગ-તેની ટિપ્પણીના જવાબમાં સ્વશાસિત ટાપુની આસપાસ મોટા પાયે અભ્યાસ શરૂ કર્યો છે. ચીનની ધમકી વચ્ચે તાઈવાનના લોકો યુદ્ધ સ્તરની તૈયારીઓ કરવા લાગ્યા છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, તાઈવાનના લોકો નકલી લોહી અને નકલી અંગો દ્વારા પોતાને ટ્રેઈન કરી રહ્યા છે. જાન્યુઆરીના અંતમાં કુમા અકાદમીએ પણ આ પ્રકારની એક ડ્રિલ કરાવી હતી, જેમાં મિસાઈલ હુમલાનો સામનો કઈ રીતે કરવો તે બાબતની ટ્રેનિંગ આપવામાં આવી હતી.તાઈવાનના નવા રાષ્ટ્રપતિ ચિંગ તેએ તાઈવાન પર ચીનના સાર્વભૌમત્વના દાવાને નકારી કાઢયો હતો. તેનાથી ચીન અકળાયું છે. પીએલએના પૂર્વી થિયેટર કમાનના પ્રવક્તા લી શીએ કહ્યું કે સેના, નૌસેના, વાયુસેના અને રોકેટ દળોની સંયુક્ત સેનાઓએ બે દિવસીય અભ્યાસના સમાપનના દિવસે ક્ષેત્ર પર નિયંત્રણ અને કબજાનો અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. આ યુદ્ધાભ્યાસ તાઈવાન દ્વીપની આસપાસ કરવામાં આવ્યો હતો.

# રાજસ્થાનમાં દિવસની સાથે રાતે પણ રેકોર્ડ તોડી રહી છે ગરમી, જયપુરમાં તાપમાન ૪૭ ડિગ્રી

જયપુર, રાજસ્થાનમાં ઉનાળાની સ્થિતિ એવી છે કે ન તો દિવસે શાંતિ મળે છે અને ન તો રાત્રે આરામ મળે છે. ફલોદીમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી ગરમ દિવસ રહ્યો હતો. અહીં મહત્તમ તાપમાન ૫૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું. તે જ સમયે, બાડમેરમાં રાત્રિનું તાપમાન સૌથી વધુ હતું. બાડમેરમાં લઘુત્તમ તાપમાન ૩૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ત્રણ દિવસ ગરમીનો ત્રાસ યથાવત રહેશે. રાજસ્થાનના તમામ પંથકોમાં દિવસ દરમિયાન ગરમીનો પ્રકોપ જારી રહ્યો છે. જ્યારે જોધપુર, અજમેર, ઉદયપુર અને બિકાનેર ડિવિઝનમાં હોટ નાઈટ નોંધાઈ છે. આજે રવિવારે રાજસ્થાનના મોટાભાગના જિલ્લાઓમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.રાજધાની જયપુરમાં આગામી બે દિવસમાં મહત્તમ તાપમાન ૪૭ ડિગ્રી સુધી પહોંચી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ પૂર્વ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને તેલંગાણામાં સમુદ્ર સપાટીથી ૦.૯ કિમી ઉપર સાયક્લોનિક સર્ક્યુલેશન છે, જેના કારણે હવામાનમાં આ અસર જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં રાજસ્થાનમાં હીટ સ્ટ્રોકના કારણે કુલ ૧૮ લોકોના મોત થયા છે.જાલોર, ભીલવાડા અને અજમેરમાં ગરમીના મોજાને કારણે મૃત્યુ નોંધાયા હતા. જો કે તેમનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ હજુ આવ્યો નથી.

પૂર્વ રાજસ્થાનના કેટલાક ભાગોમાં ૨૯ મેથી અને પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાં ૩૦ મેથી મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. જૂનના પ્રથમ સપ્તાહમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્યની નજીક નોંધાય તેવી શક્યતા છે.

# આપની આજ.......

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે. જો તમે વ્યવસાયમાં ભાગીદારી કરવાનું મન બનાવી રહ્યા છો તો આ શ્રેષ્ઠ સમય છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો. આજે અન્ય લોકો પાસેથી અતિશય અપેક્ષાઓ ના રાખશો, કારણકે લોકો તમારી અપેક્ષાઓ પર ખરા નહીં ઉતરે. વિવાદની પરિસ્થિતિ ટાળો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે, મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવાનો પ્રયાસ કરો.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે. અતિશય ભાવનાત્મક બનવાનું ટાળો, કારણકે આ તમને મુશ્કેલીમાં મુકી શકે છે. ધંધા કે ક્ષેત્રની જૂની બાબતો પર ધ્યાન ના આપશો, કંઈક નવું વિચારી લો.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે. જીવનસાથી અથવા પરિવારના સભ્યો સાથે આજે મતભેદ થઈ શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે. જો તમને કોઈ વિશે ખરાબ લાગે તો તેને ધ્યાનમાં રાખશો નહીં કેમ કે આમ કરવાથી તમારા કામ પર અસર થઈ શકે છે.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો સપોર્ટ મુશ્કેલીથી મળશે. જો તમારી સામેની વ્યક્તિ વચ્ચે કોઈ ગેરસમજણ થઈ છે તો તે વિશે વાત કરવાનો આ સમય છે.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે. ધંધામાં ધનલાભ રહેશે કારણકે નસીબ પણ તમને સાથ આપશે. આવકના નવા સ્ત્રોત પ્રાપ્ત કરીને આર્થિક પક્ષ અનુકૂળ રહેશે. કેટલીક જરૂરી ખરીદી પણ કરશો.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો. ઓફિસમાં તમને નવી જવાબદારી મળી શકે છે, જેના માટે તમારે તૈયાર રહેવું જોઈએ.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે. વ્યવસાયમાં જટિલ સમસ્યાનો ઉકેલ વરિષ્ઠ વ્યક્તિની સલાહથી ઉકેલવામાં આવશે. લવ લાઈફ સારી રહેશે, જેથી તમારો મૂડ સારો રહેશે. આજે આવક કરતા વધારે ખર્ચ થઈ શકે છે.

# રાજકોટ ગેમઝોનની ઘટના બાદ દાહોદ તંત્રએ શહેરમાં આવેલ બે ગેમઝોનની તપાસ કરી સીલ કર્યા





દાહોદ,

રાજકોટ ખાતે ગતરોજ ગેમિંગ ઝોનમાં બનેલ ઘટનાને પગલે સમગ્ર ગુજરાતમાં ચકચાર સાથે વ્યાપી જવા પામી છે. સફાળે જાગેલ દાહોદ મામલતદાર ની ટીમ દ્વારા દાહોદ શહેરમાં આવેલ બે ગેમ ઝોનમાં દાહોદ મામલતદારની ટીમ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરતા બંને ગેમ ઝોનમાં ફાયર સેફટી, એનઓસી વિગેરે જેવી નિષ્કાળજી મામલતદારની ટીમને જોવા મળતા બંને ગેમ ઝોનને સીલ મારવામાં આવતા દાહોદ શહેરમાં વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

રાજકોટ ખાતે એક ગેમિંગ ઝોનમાં ગતરોજ ફાયર સેફટી ના અભાવે સર્જાયેલ દુર્ઘટનાને પગલે માસુમો મોતને ભેટયા છે. રાજકોટની ઘટનાને પગલે સમગ્ર ગુજરાતમાં ગૃહરાજયમંત્રી દ્વારા આવા કેનિંગ ઝોન સહિતના વેપાર ધંધાઓ પર તપાસ હાથ ધરવા માટે તંત્રના અધિકારીઓને સૂચના આપી દેવામાં આવી છે. ત્યારે બીજી તરફ હાલ સમગ્ર ગુજરાતમાં કાળજાળ ગરમી કહેર વર્તાવી રહી છે. ત્યારે દાહોદ શહેર સહિત જીલ્લામાં પણ ૪૫ ડિગ્રી સુધી ગરમીનો પારો પહોંચી જતા જીલ્લાવાસીઓ પરસેવે થઈ રહ્યા છે. બપોરના બારથી સાંજના પાંચ વાગ્યા સુધી જીલ્લાના રસ્તાઓ સુમસામ ભાસી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા પણ દાહોદ જીલ્લામાં રેડ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. આવા સમયે ગરમીને પગલે દાહોદ જીલ્લા વાસીઓ કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે, તો બીજી તરફ સાંજના સમયે હરવા ફરવા માટે પોતાના બાળકોને લઈ અને હાલ જ્યારે વેકેશનનો સમયગાળો ચાલી રહ્યો છે. ત્યારે તેવા સમયે દાહોદ શહેરમાં આવેલ છાબ તળાવ અને ગોદી રોડ વિસ્તાર ખાતે આવેલ લેવલ અપ એમ બે ગેમ ઝોન ખાતે સાંજથી રાત્રિના સમયગાળા દરમિયાન બાળકોના પરિવારજનો બાળકોને હરવા ફરવા માટે આવા ગેમ ઝોનમાં લઈ જાય છે અને આ ગેમ ઝોનમાં ભારે ઘસારો પણ જોવા મળી રહ્યો છે. ત્યારે આ બંને ગેમ ઝોનમાં ફાયર સેફટીની સુવિધા છે કે નથી ? એનઓસી છે કે નથી ? વિગેરે જેવી સેફટીઓ તેમજ સુવિધાને દયાનમાં લઈ આ બંને ગેમ ઝોન તરફ દાહોદ મામલતદારની ટીમએ પોલીસને સાથે રાખી બંને ગેમ ઝોનમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ બંને ગેમ ઝોનમાં ફાયર સેફટી સહિત મહત્વની સુવિધાઓનો અભાવ જોવા મળતા દાહોદ મામલતદારની ટીમ દ્વારા જાહેર જનતાની સુખાકારી માટે બંને ગેમ ઝોનને સીલ કરી દેવામાં આવ્યા હતા. શહેરના છાબ તળાવ વિસ્તાર ખાતે આવેલ ગેમ માત્ર બે ઈન્ટરબીટર સિલિન્ડર મળ્યા તેમજ અવરજવર માટે માત્ર એક જ ગેટ હતો. ત્યારે ગોદી રોડ ખાતે આવેલ લેવલ અપ ગેમ ઝોનમાં ફાયર સેફટી અને એનઓસી સહિતનો અભાવ જોવા મળ્યો હતો. આ બંને ગેમ ઝોનના માલિકોની પૂછપરછ પણ હાથ ધરવામાં આવી રહી છે. આ બંને ગેમ ઝોનને સીલ કરવાની કામગીરી સાથે દાહોદ શહેરમાં આવેલ અન્ય વેપાર, ધંધાઓ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

રાજકોટની ઘટના બાદ સફાળે જાગેલ દાહોદ મામલતદાર ની ટીમ દ્વારા બે ગેમ ઝોનને સીલ મારવામાં આવી છે. ત્યારે હર હંમેશ કોઈ મોટી દુર્ઘટના સર્જાયા બાદ જ દાહોદ જીલ્લા વહીવટી તંત્ર સફળ જાગી જતું હોય છે અને કામગીરી કરતું હોય છે. ત્યારે આ બે ગેમ ઝોન વર્ષોથી ધમધમી રહ્યા હતા, પરંતુ રાજકોટની દુર્ઘટના બાદ જ તંત્રની આંખો ઊઘડી હોય તેમ લાગી રહ્યું છે. બાકી તો તંત્રની રહેમ નજરો હેઠળ વર્ષોથી આ ગેમ ઝોન ફાયર સેફ્ટી સહિતની સુવિધાઓ વગર લોકોના જીવના જોખમે ધમધમી રહ્યા હતા. ત્યારે શું તે સમયે તંત્રની નજર આ ગેમ ઝોન પર નહીં પડી હોય ? જેવા અનેક સવાલો શહેરવાસીઓમાં તંત્રની કામગીરી પર ઊઠવા પામ્યા હતા. દાહોદ શહેરમાં ફાયર સેફ્ટી વગરની હોસ્પિટલો, મોટા મોટા ઉદ્યોગો, વેપાર ધંધા ઓ તંત્રની નજર હેઠળ ધમધમી રહ્યા છે. ત્યારે આવા વેપાર, ધંધાઓ ઉપર પણ મામલતદારની ટીમ દ્વારા ઓચિંતિ તપાસ હાથ ધરવામાં આવે તો અનેક ફાયર સેફ્ટી વગરના તેમજ એનઓસી વગરના વેપાર ધંધાઓ સામે કાર્યવાહી થઈ શકે તેમ છે. શહેરમાં એવી કેટલીક બિલ્ડીંગો પણ છે. જેમાં પાંચ થી વધુ માળ સુધીની બિલ્ડીંગ, એપારમેન્ટ સહિતના બાંધકામ હોવા છતાં પણ તેમાં લિફ્ટની સુવિધા પૂરી પાડવામાં આવતી નથી અને ફાયર સેફ્ટીના મામલે પણ આવા વેપાર ધંધાઓ બેરોક્ટોક ધમધમી રહ્યા છે. ત્યારે મામલતદાર ની ટીમ દ્વારા આવા વેપાર ધંધાઓ સામે પણ લાલ આંખ કરશે કે કેમ ? તેવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

## દે.બારીયા નગર પાલિકા દ્વારા પ્રિમોન્સુનની કામગીરી શરૂ કરાઈ પરંતુ તમામ વિસ્તારોનું કામ મૌન્સુન આવતા પહેલા પૂર્ણ થઈ જશે ???

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના વહિવટી તંત્રના દ્વારા પ્રિમોન્સુનની કામગીરી જેવી કે, ગંદાપાણીની કાંસો, વરસાદી પાણીના નિકાલ માટેની કાંસો મૌન્સુનના આવતા પહેલા સુધી સાફસફાઈની કામગીરીનું કાર્ય હાથ ધરાયું છે. ગંદાપાણીની કાંસો જે આવેલી છે. જાની ફળીયા થી ભે ફળીયા, ભે દરવાજા સુધી ગંદા પાણીની કાંસને વર્ષમાં મૌન્સુન આવતા પહેલા સાફ કરી હતી. જે હાલમાં કાદવ કીચડ થી ભરાઈ ગઈ છે. તેને સંપૂર્ણ તેમાંથી કાદવ કીચડ કાઢીને પાળ ઉપર નાખવાને બદલે ટ્રેકટરમાં ભરીને ડમ્પીંગ સ્ટેશનના સાઈડ ઉપર તે કચરાનો નિકાલ કરવામાં આવે તેવી આમ જનતાની માંગ સાથે અપેક્ષા પણ વહિવટી અધિકારી રાખે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા નગર પાલિકાના કર્મીઓ જાગ્યા ખરાં પરંતુ લેટ થયા છે. ચોમાસું માથે આવી રહ્યું છે. આખા શહેરની વરસાદી કાંસો ગંદાપાણીની કાંસોની સફાઈ મૌન્સુન પહેલા સાફ થઈ શકશે નહિ તેવી વધારે કામદાર મૂકીને મૌન્સુન આવતા પહેલા ગંદાપાણીની કાંસોના અંદરથી કચરાને ડમ્પીંગ સ્ટેશને નાખવાની વ્યવસ્થા કરવામાં આવે કાંસ માંથી નિકળતો કચરો પાળ ઉપર નાખવાના બદલે ટ્રેકટરના દ્વારા ડમ્પીંગ સ્ટેશન ઉપર તે કચરાનો નિકાલ થાય તો ફરી તે કચરો કાંસમાં પડી ના જાય તેની તકેદારી ખાસ રાખી પડશે. તેમજ કોન્ટ્રાકટરનો કોઈપણ રેખદેખ રાખવામાં આવતી નથી અથવા પાલિકાના સેનેટરી વિભાગનો માણપાણ હાજર રહેતા નથી. જેથી સાફસફાઈના કાર્યમાં લાલીયાવેડી ચાલે છે. જેમાં અધુરી અધુરી ગંદા પાણીની કાંસોને સાફ સફાઈ થયા વગર બીલો પાસ કરવામાં આવે છે. તેવી આમ જનતામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. જેથી લાગતા વળગતા પદના અધિકારીઓ આ બાબતે ખાસ સંગ્યાન લેશે ખરાં કે પછી ચાલે છે. ચાલવા દોની નીતિ સાથે આંખ આંડા કાન કરવામાં આવશે તે યક્ષ પ્રશ્ન છે.

## દે.બારીયા જે.એસ.ચૌહાણ સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવી રહેલા જાડી ચામડીના આધિકારીઓ સત્તાના નશામાં ભાન ભૂલી વહીવટ કરતાં હોય તેમ જોવાઈ રહ્યું છે

દાહોદ,

દેવગઢ બારીયા નગરમાં આવેલ સ્વ. જયદીપસિંહજી ચૌહાણ સરકારી હોસ્પિટલમાં પીવાના પાણીની ભારે સમસ્યા સુવિધા માટે સિવિલ હોસ્પિટલ ખાતે સરકારની તિજોરીની લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટ આવતી હોય છે. તે નાણાંનો દૂર ઉપયોગ થઈ રહ્યો હોય તેમ જોવાઈ રહ્યું છે. જેમાં ગરીબ દર્દીઓની સુવિધા માટે લાખ્ખો રૂપિયાના ખર્ચે ફ્રીજો મુકવામાં તો આવ્યા છે. પરંતુ હોસ્પિટલના મેનેજમેન્ટ કરતાં અધિકારીઓ દ્વારા ગરીબ દર્દીઓને આપવામાં આવતી મુશ્કેલીઓને ગરીબ જનતા માફ નહિ કરે અને ગરીબ જનતાની વ્હારે આવી. કોઈ વ્યક્તિ દ્વારા હક્ક અને લાગણીની વાત સિવિલના સત્તાધીશોને કરતાં સત્તાધીશો શાંતિ પૂર્વક જવાબ આપતાં નથી અને સિવિલ સ્ટાફને વાત કરતાં કહેવામાં આવે છે. કે, આવું બધું હમારામાં નથી આવતું તો ?.. ગરીબ જનતા કહે તો કોને કહે આ તમામ બાબતોને લઈ અચાનક ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કરી ગરીબ જનતાને પૂરતી સુવિધાઓ મળી રહે તેવી માંગ સાથે સાથે જે અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવાં આવતી હોવા છતાં પણ બહેરા અને મૂંગા અધિકારીઓ ભાનમાં નથી આવતાં

## લીમખેડાના દુધીયા ગામે દવાખાનાને તસ્કરોએ નિશાન બનાવી ડ્રોઅર માંથી રોકડ અને મોબાઈલની ચોરી કરી

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડાના દુધિયા ગામે ત્રાટકેલા તસ્કરો એક દવાખાનાને નિશાન બનાવી દવાખાનાનો દરવાજો ખોલી દવાખાનાના ટેબલના ડ્રોઅરમાં મુકેલ રોકડ તથા મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૪૭,૦૦૦/- ની મત્તાની ચોરી કરી ગયાનું જાણવા મળ્યું છે.

ગત તારીખ ૨૩ -૫-૨૦૨૪ ના રોજ રાત્રિના સમયે ત્રાટકેલા તસ્કરોએ ફતેપુરા નિશાળ ફળિયાના અવિનાશભાઈ મુકેશભાઈ નીનામાના દુધિયા ખાતે આવેલા દવાખાનાને ટાર્ગેટ બનાવ્યું હતું. અને દવાખાનાનો દરવાજો ખોલી દવાખાનામાં પ્રવેશી તસ્કરોએ દવાખાનાના ટેબલના ડ્રોઅરમાં મુકેલ રૂપિયા ૪૨ હજારની રોકડ તથા રૂપિયા ૫૦૦૦ ની કિંમતનો રેડમી કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૪૭ હજારની મત્તા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ઘર ફોડ ચોરીનો ભોગ બનેલ ફતેપુરાના અવિનાશભાઈ મુકેશભાઈ નીનામા નામના ડોક્ટરે નોંધાવેલી ફરિયાદને આધારે લીમખેડા પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ઈ.પી.કો કલમ ૪૫૭ ૩૮૦ મુજબ ઘર ફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ડોગ સ્કવોર્ડ તથા એફએસએલની મદદની માગણી કરી છે.

## દાહોદના નવાગામ પાસે જાન માંથી નવવધુના અપહરણ ગુનામાં વધુ ત્રણ ઈસમોને એલ.સી.બી.એ ઝડપ્યા



દાહોદ,

દાહોદ તાલુકાના નવાગામ ખાતે ચોકડી પરથી જાનૈયાઓને બંદુકની અણીએ તેમજ મારક હથિયારોથી બાનમાં લઈ નવવધુના ચકચારી અપહરણના બનાવમાં પોલીસે થોડા દિવસો પહેલા નવવધુના પુર્વ પ્રેમી સહિત ચારની અટકાયત કરી હતી. ત્યારે અપહરણના ગુન્હામાં સંડોવાયેલ વધુ ત્રણ ઈસમોને દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી મેના રોજ રાત્રીના સમયે દાહોદ તાલુકાના નવાગામ ચાર રસ્તા ખાતેથી પસાર થતી વરરાજા રોહીતભાઈ બાબુભાઈ અમલીયારની જાનને ૧૪થી વધુ જેટલા ઈસમોએ મોટરસાઈકલ પર આવી બંદુકની અણીએ તેમજ મારક હથિયારોથી વરરાજા રોહીતભાઈ તથા જાનૈયાઓને બાનમાં લઈ નવવધુનું તેના પુર્વ પ્રેમી મહેશભાઈ ભુરીયા તથા તેના સાગરીતો દ્વારા નવવધુનું અપહરણ કરી લઈ ગયાં હતા. ત્યારે પોલીસે બનાવની ગંભીરતાને દયાનમાં લઈ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ આરંભ કરતાં દાહોદ એલસીબી પોલીસે નવવધુના પુર્વ પ્રેમી મહેશભાઈ ભુરીયા તથા તેની સાથેના અપહરણના ગુન્હામાં સંડોવાયેલ ચાર ઈસમોની પોલીસે મદયપ્રદેશના ભોપાલ ખાતેથી ઝડપી પાડી નવવધુને તેઓની ચંગુલમાંથી મુક્ત કરાવી હતી. ત્યારે અન્ય સહ આરોપીઓને ઝડપી પાડવા માટે દાહોદ એલ.સી.બી. પોલીસે પુનઃ જુદી જુદી ટીમો બનાવી તપાસ હાથ ઘરી રહી હતી. ત્યારે પોલીસે બનાવના સ્થળે તપાસ હાથ ધરતાં આ અપહરણના ગુન્હામાં સંડોવાયેલ પ્રવિણભાઈ પારસીંગભાઈ સંગાડી (રહે. ગુંદીખેડા, ડામોર ફળિયું, તા.જી.દાહોદ), ગોવિંદભાઈ ભારતભાઈ મેડા (રહે. ગુંદીખેડા, નિશાળ ફળિયું, તા.જી.દાહોદ) અને નરેશભાઈ વીછીયાભાઈ સંગાડીયા (રહે. રાછરડા, નીચવાસ ફળિયું, તા.જી.દાહોદ) નાની અટકાયત કરી આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કેન્યામાં સોનાની ખાણ ધરાશાયી થતા ૫ લોકોના મોત, ઘણા લાપતા

માર્સાબિટ,

ઉત્તરી કેન્યામાં એક અકસ્માત સર્જાયો છે. અહીં સોનાની ખાણ ધરાશાયી થવાને કારણે ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે. સત્તાવાળાઓ અને સ્થાનિક મીડિયાએ જણાવ્યું હતું કે ઘણા લોકો ગુમ છે. હિલો આર્ટિસાનલ ખાણમાંથી પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. હજુ ત્રણ લોકો ગુમ છે. તેમને શોધી કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

એક અધિકારી પોલ રોટિચે જણાવ્યું હતું કે ઘણા લોકો રેસ્ક્યુ આર્ટિઝનલ ખાણમાં કામ કરી રહ્યા હતા. આ પછી ખાણ અચાનક ધરાશાયી થઈ ગઈ અને તમામ લોકો જીવતા દટાઈ ગયા. પાંચ મૃતદેહ મળી આવ્યા છે. તે જ સમયે, અન્ય ત્રણ લોકોનો પત્તો લાગ્યો નથી. પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગુમ થયેલા તમામ લોકોની શોધખોળ તેજ કરી દેવામાં આવી છે.

સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો કે બે ઘાયલ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. માર્સાબિટ કાઉન્ટી કમિશનર ડેવિડ સરુનીએ જણાવ્યું હતું કે મુશળધાર વરસાદને કારણે સંકટ ચાલુ છે. જેના કારણે ખાણ તૂટી પડી હતી. અઠવાડિયાના સતત વરસાદ પછી દેશભરમાં પૂર અને ભૂસ્ખલનમાં સેંકડો લોકોના મોત થયા છે. માર્ચમાં ઈથોપિયન સરહદ નજીક ખાણ બંધ થઈ ગયા પછી પણ ખોદકામ ચાલુ છે.

કેન્યાની ખાણોમાં ૨૫,૦૦૦ થી વધુ લોકો કામ કરે છે. જેમાંથી ૪૦ ટકા મહિલાઓ છે. ખાણકામને કારણે ઓછામાં ઓછા ૮૦૦૦૦૦ લોકો આજીવિકા પર નિર્ભર છે. એક ઈથોપિયન માણસે કહ્યું કે ખાણકામ એ નસીબનો ખેલ છે. ઘણા લોકો મહિનાઓ સુધી ખોદકામ કરે છે અને થોડા ગ્રામ સોનું મેળવી શકે છે. પરંતુ સોનામાંથી મળેલા નાણાંનો ઉપયોગ જંગી દેવાની ચૂકવણીમાં થાય છે. જેના કારણે તેઓ ખાલી હાથે ઘરે પરત ફરે છે.આફ્રિકાના ઘણા દેશોમાં સોનાનો ભંડાર છે. અહીં મોટા પ્રમાણમાં સોનાની ખાણકામ કરવામાં આવે છે. એટલું જ નહીં, વિશ્વનું ગોલ્ડ સિટી પણ દક્ષિણ આફ્રિકામાં છે. વિટવોટર્સરેન્ડ નામની આ ખાણ દક્ષિણ આફ્રિકાના ગૌટેંગમાં છે. અહીંનું સૌથી મોટું શહેર જોહાનિસબર્ગ છે. અહીંના વિશાળ સોનાના ભંડારે વિશ્વના કુલ સોનાના ઉત્પાદનના ૪૦ ટકાથી વધુ ઉત્પાદન કર્યું છે. એવું કહેવાય છે કે પહાડો પર વસેલું જોહાનિસબર્ગ શહેર સોનાની ખાણો ખોદવાને કારણે વસ્યું હતું.

## ઘોઘંબાના સીમલીયા નિકોલા વચ્ચે ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ઉલેચતા સ્થળે ખાણ ખનિજે રેઈડ કરી ૭ ટ્રેકટર સાથે ૭ ઈસમોને ઝડપ્યા



ઘોઘંબા,

પંચમહાલ જીલ્લા ખાણ ખનીજ વિભાગની અસરકારક કામગીરીના કારણે ખનીજ માફીયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે ખનનનું વહન કરવા માટે સો વખત વિચાર કરવો પડે છે કેમ કે જીલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમ આકરી કાળઝાળ ગરમી વચ્ચે પણ પોતાનું ચેકીંગની કામગીરી અવિરત ચાલી રાખી છે. ત્યારે ઘોઘંબા તાલુકાના સીમલીયા નિકોલા વચ્ચેથી પસાર થતી ગોમા નદીના પટમાં ગેરકાયદેસર રીતે ઉંલેચી રહ્યાની બાતમી આધારે બતામીવાળી જગ્યાએ રેડ દરમિયાન ગેર કાયદેસર રીતે સાત ટ્રેક્ટરમાં રેતી ભરીને જઈ રહેલા સાત ઈસમોની અટકાયત કરી ૩૫ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

પંચમહાલ જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી ખનીજ માફીયાઓ દ્વારા ગેરકાયદે ખનીજનું ખનન અને વહન કરવાની પ્રવૃતિએ માઝા મુકી છે અને દિન પ્રતિ દિન બેરોકટોક રેતી,સફેદ પથ્થર, બ્લેક ટ્રેપ સહિત કુદરતી ખનીજનું બિન્દાસ પણે હેરાફેરી કરી રહ્યા છે. ત્યારે પંચમહાલ જીલ્લા ખાણખનીજ વિભાગનાં અધિકારી નીરજ ગામીત અને તેમની ટીમે આકરી ગરમીમાં પણ પોતાની પેટ્રોલિંગની કામગીરી સતત ચાલી રાખી અને ખનન માફિયા ઉપર વોચ ગોઠવી તેમની દરેક હિલચાલ ઉપર નજર રાખવામાં આવી છે. ત્યારે ઘોઘંબા તાલુકાના સીમલીયા નિકોલા વચ્ચેથી પસાર થતી ગોમા નદીના પટમાં ગેર કાયદેસર રેતીનું ખનન કરવામાં આવી રહ્યું છે. તે બાતમીના આધારે પંચમહાલ જીલ્લાની ખાણ ખનીજ ની ટીમ ઘોઘંબા તાલુકાના સીમલીયા નિકોલા ગામમાંથી પસાર થતી ગોમાં નદીના પટમાં ગેરકાયદેસર રીતે રેતી ભરી રહેલા સાત ટ્રેક્ટર સાથે સાત ઈસમોની અટકાયત કરી અને ૩૫ લાખનો મુદ્દામાલ કબજે કરી અને ટ્રેક્ટર ચાલક સાત ઈસમોની સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્યારે પકડાયેલ સાત ટ્રેક્ટરને ગોધરા કલેકટર કચેરી ખાતેથી સીઝ કરીને મૂકવામાં આવતા ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

## ગુજરાતમાં અનેક દર્દનાક ઘટનાઓ બની છે, જેમાં અનેક માસૂમ હોમાયા

અમદાવાદ,

રાજકોટના ગેમઝોનમાં ભીષણ આગ લાગી હોવાની ઘટના સામે આવી છે, જેમાં અત્યાર સુધીમાં ૩૨થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જેમાં અનેક માસૂમ પણ હોમાયા છે, ત્યારે અગાઉ પણ ગુજરાતમાં આ પ્રકારની ઘટનાઓ બની છે.વડોદરાના હરણી તળાવમાં બોટ પલટી જતાં ૧૮ જાન્યુઆરીએ મોટી કરુણાંતિકા સર્જાઈ હતી. હરણી તળાવમાં બોટ પલટી જતાં ૧૭ના મોત થયા હતા. જેમાં ૧૫ માસુમ બાળકો અને ૨ શિક્ષકોનો સમાવેશ થાય છે.૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ ગુજરાતના મોરબી શહેરમાં મચ્છુ નદી પરનો ઝુલતો પુલ તૂટી પડ્યો હતો, જેના કારણે લગભગ ૧૪૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ દુર્ઘટનામાં પણ અનેક માસૂમ બાળકો મોતને ભેટ્યા હતા.રાજકોટની ઘટનાએ સુરત તક્ષશિલા આગ ઘટનાની યાદ અપાવી છે, સુરતના સરથાણા વિસ્તારમાં ૨૪ મે, ૨૦૧૯ના રોજ તક્ષશિલા આર્કેડ બિલ્ડિંગમાં આગની ઘટના બની હતી. કોચિંગ સેન્ટરમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા એ સમયે આગ લાગતાં આ દુર્ઘટનામાં ૨૨ વિદ્યાર્થીઓના જીવ હોમાયા હતા. વર્ષ ૨૧૦૯માં કાંકરીયા બાલવાટિકાના એમ્યુઝમેન્ટ પાર્કની ડીસ્કવરી રાઈડ્સ તુટી પડતા બે વ્યક્તિના મોત થયા હતા અને અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોમાં મોટા ભાગે મહિલાઓ અને બાળકો હતા.

## રાજકોટ : શરાફી મંડળીમાં સારા વ્યાજની લાલચ આપી ૧.૫૦ કરોડની ચીટીંગ કર્યાની ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરમાં રહેતા આધેડ તેમજ અન્ય ગ્રાહકોને શરાફી મંડળીમાં રોકાણ કરી સારું એવું વ્યાજ આપવાની લાલચ આપી ૧.૫૦ કરોડની રકમ ઓળવી જઈને છેતરપીંડી આચર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે

રાજકોટના મારૂતિનગર-૩ આંબાભગત સોસાયટી મેઈન રોડ પર રહેતા પરેશભાઈ મોહનભાઈ પરસાણાએ આરોપી શૈલેષ બાબુભાઈ ઠુમ્મર રહે શ્રી રામ પાર્ક મેઈન રોડ, બ્રાહ્મણી પાર્ક શેરી નં ૧ સામે રાજકોટ અને તપાસમાં ખુલે તે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ઓમ સમર્પણ શરાફી સહકારી મંડળી જે કુવાડવા રોડ ૮૦ ફૂટ રોડ પર આવેલ છે જેના સંચાલક આરોપી શૈલેષભાઈ બાબુભાઈ ઠુમ્મરે ફરિયાદી પરેશભાઈ તેમજ અન્ય ગ્રાહકોને મંડળીમાં રોકાણ કરશો તો તમને રોકેલા નાણા પર સારું એવું ૫ ટકાથી ૧૦ જેટલું વ્યાજ આપશું તેવી લાલચ આપી વિશ્વાસમાં લઈને અંદાજીત રૂપિયા ૧,૫૦,૧૨,૪૬૭ ઓળવી જઈને ફરિયાદી અને ગ્રાહકોને પૈસા ઓળવી જી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી નાણા પરત આપ્યા ના હતા

રાજકોટ સીટી બી ડીવીઝન પોલીસે આરોપી વિરુદ્ધ આઈપીસી કલમ ૪૦૬,૪૨૦,૪૦૯ અને ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટ્રેસ્ટ ઓફ ડીપોઝીટર એક્ટ સને ૨૦૦૩ ની કલમ ૩,૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.233

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# રાજકોટ ગેમઝોનની ઘટના બાદ ગોધરામાં ચાલતા ચાર ગેમઝોનને તંત્ર દ્વારા તપાસ કરી બંધ કરાયા



ગોધરા,

રાજકોટમાં ગેમઝોનમાં આગ લાગવાના બનાવમાં બાળકો સહિત ૨૮ લોકો સળગી જવાના ગોઝારા બનાવ બાદ રાજ્ય સરકાર દ્વારા ગેમઝોન બંધ કરવા આદેશ આપવામાં આવ્યા છે. ત્યારે ગોધરામાં આવેલ ગેમઝોન ઉપર મામલતદાર, પોલીસ અને ફાયર વિભાગની સંયુકત ટીમ દ્વારા ગોધરામાં ચાલતા ચાર ગેમઝોન સુચના મળે ત્યાં સુધી નોટીસ આપીને બંધ કરવામાં આવ્યા છે.

રાજકોટ ગેમઝોનમાં ફાયર સેફટી અને એન.ઓ.સી. વગર ધમધમતું હોય આ ગેમઝોનમાં આગની ગોઝારી ઘટનામાં બાળકો સહિત ૨૮ લોકો ભુંજાઈ જવાની ઘટના બની છે. અ ઘટના બાદ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યા તમામ ગેમઝોન બંધ કરવાના આદેશ કરવામાં આવ્યા હતા. જેને પગલે ગોધરામાં ચાલતા ગેમઝોન ઉપર ગોધરા મામલતદાર, શહેર પોલીસ અને ફાયર વિભાગની સંયુકત ટીમ દ્વારા ગોધરામાં આવેલ ગેમઝોન અને મોટી સંખ્યામાં પબ્લિક ગેધરીંગ ધરાવતા સ્થળોની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ગોધરાના દાહોદ રોડ ઉપર ડોમમાં ચાલતા ગેમઝોન, ડી માર્ટ મેગા સ્ટોલમાં ડોમ ઉભો કરીને બનાવવામાં આવેલ ગેમઝોન ઉભો કરવામાં આવ્યો. આ ગેમઝોનમાં કોઈપણ પ્રકારની ફાયર કે અન્ય વિભાગની એન.ઓ.સી. વગર ચાલતું હોવાનું તપાસ દરમિયાન સામે આવતાં તંત્ર દ્વારા ગેમઝોન સંચાલકને નોટીસ આપી ગેમઝોન બંધ કરવાનું સુચન કરાયું હતું. સાથે ડી માર્ટ સ્ટોલની તપાસ દરમિયાન ડી માર્ટમાં આવેલ તમામ એકઝીટ ડોર પર લોક મારેલા હોવાનું સામે આવ્યું હતું. જેને લઈ ફાયર વિભાગ અને તંત્ર દ્વારા તમામ ઈમરજન્સી એકઝીટ યોગ્ય રીતે સંચાલિત કરવા સંચાલક અને સ્ટાફને સુચન કરાયું હતું. ગોધરા શહેરમાં ચાલતા ચાર ગેમઝોનની મામલતદાર, શહેર પોલીસ અને ફાયર વિભાગની સંયુકત ટીમ તપાસ કરી ગેમઝોન નોટીસ આપીને સુચન ન મળે ત્યાં સુધી બંધ કરવામાં આવ્યા.

# ગોધરા નીટ ચોરી પ્રકરણમાં ગુજરાતના બે વાલીઓના નિવેદન લેવાયા

-એમ.બી.બી.એસ.માં પ્રવેશ નહિ મળતા વાલીએ પરશુરામ રોય પાસે નાણાં પાછા માંગ્યા હતા.
- પરશુરામે આ વર્ષ ફરી નીટ પરીક્ષા આપ્યા બાદ એડમીશન કરવાની ખાત્રી આપી.
- વાલીઓના નિવેદન મુજબ નીટ પરીક્ષામાં ચોરી કરવા મામલે પોતે અને વિદ્યાર્થી અજાણ છે.

ગોધરા,

પંચમહાલ ગોધરામાં નીટ પરીક્ષાના ચોરી પ્રકરણમાં પોલીસે આરોપીઓના રિમાન્ડમાં પુછપરછ કરાયા બાદ હવે આ પોલીસ આગળની તપાસ હાથ ધરી જેમાં ૮ નીટની પરીક્ષા આપનાર અને આરોપી પાસેથી મળેલ યાદીવાળા પરીક્ષાર્થીઓના તેમજ વાલીઓના નિવેદન લેવાની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં બે વાલીઓના નિવેદન લેવામાં આવ્યા.

પંચમહાલ નીટ પરીક્ષામાં ચોરી પ્રકરણમાં પોલીસ દ્વારા પાંચ આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા હતા અન આરોપીઓની પુછપરછ બાદ રિમાન્ડ પુરા થતાં કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. ત્યારે હવે નીટ ચોરી પ્રકરણમાં ઝડપાયેલ આરોપી પાસેથી મળી આવેલ નીટ પરીક્ષામાં ચોરી કરાવાની હોય તેવા પરીક્ષાર્થીઓની યાદી મળી હતી. આ યાદીમાં સમાવિષ્ટ થતાં ગુજરાતના વિદ્યાર્થીઓના વાલીઓના નામ અને સરનામાની ખરાઈ કરવાની શરૂઆત કરાઈ છે. પોલીસે નીટ પરીક્ષા કૌભાંડમાં જે અન્ય રાજ્યના વિદ્યાર્થીઓના તેમજ વાલીઓના નિવેદન પણ લેનાર છે અને તેના માટે પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવવામાં આવશે. પોલીસ દ્વારા ખરાઈ થયેલ નામ સરનામા ધરાવતા વાલીઓના નિવેદનો નોંધવાની શરૂઆત કરી છે. પોલીસ દ્વારા બે વાલીઓના નિવેદન નોંધ્યા છે. આ નિવેદનોમાં વાલીઓએ જણાવ્યું કે, પરશુરામ રોય સંચાલિત રોય ઓવર સીઝ મારફતે તેમનો પરશુરામ રોય સાથે સંપર્ક થયો હતો અને વિદ્યાર્થીને એમ.બી.બી.એસ.માં પ્રવેશ અપાવવા માટે એક વર્ષ પહેલા નકકી કરવામાં આવ્યું હતું. તેમાં ગત વર્ષ એડમીશન ન મળતા વાલીઓ દ્વારા પરશુરામ રોયને આપેલ નાણાંની ઉઘરાણી પણ કરવામાં આવી હતી. દરમિયાન પરશુરામ રોયે વાલીને આ વર્ષ ફરીથી નીટની પરીક્ષા આપ્યા બાદ એડમીશન ચોકકસપણે અપાવશે તેવી ખાતરી આપી હતી. જો કે નીટની પરીક્ષામાં ચોરી કરાવવામાં આવશે તે બાબતે વાલી અને વિદ્યાર્થી અજાણ હોવાનું અત્યાર સુધીના વાલીઓના નોંધવામાં આવેલ નિવેદનોની સામે આવ્યું છે. પોલીસ દ્વા તપાસમાં મળી આવેલા વિદ્યાર્થીઓના નામોની યાદીમાં ગુજરાત રાજ્ય બહારના વિદ્યાર્થી હોય તેવા વાલીઓના પણ નિવેદનો નોંધાવામાં આવશે. ત્યારે હવે નીટ પરીક્ષા ચોરીની યાદીમાં જે પરીક્ષાર્થીઓના નામો છે. તેવા તમામ વિદ્યાર્થીના વાલીઓના નિવેદન બાદ નીટ ચોરી પ્રકરણમાં કોની કોની સંડોવણી છે. તે બહાર આવશે.

# કાલોલના વેજલપુર ગામે ગ્રામ પંચાયત પાસે ચાલતા અંડરગ્રાઉન્ડ ગટરના કામ માટે બ્રેકર મશીન ચલાવવા માટે MGVCLની મંજૂરી વગર લંગર મારીને કામ કરતા હોવાનો વીડિયો વાઈરલ



કાલોલ,

વાત કરીએ તો કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત પાસે ચાલતા અંદર ગ્રાઉન્ડ ગટર લાઈનનું કામ ચાલી રહ્યું છે. ત્યારે તે અંદર ગ્રાઉન્ડ ગટરના ભૂંગળા નાખવા માટે સી.સી. રસ્તાને તોડીને કામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ રસ્તાને તોડવા માટે બ્રેકર મશીનનો ઉપયોગ કરવા માટે ડાયરેક્ટર MGVCLની મંજૂરી વગર લંગર માળીને કામ કરતા હતા. ત્યારે જાગૃત નાગરિકો દ્વારા સ્થળ ઉપર જઈને તપાસ કરતા આ બ્રેકર મશીનના વાયર ડાયરેક્ટર MGVCLના થાંભલા ઉપર માળીને ગટર લાઈનનું કામ ચાલી રહ્યું હતું. ત્યારે આ સમગ્ર બાબતનો વિડિઓ જાગૃત નાગરિક દ્વારા પોતાના મોબાઈલમાં કેદ કર્યો હતો. ત્યાર બાદ કુંભકર્ણની નિંદ્રામાં ઊંઘી રહેલ વેજલપુરના MGVCLના તંત્રને જાગૃત નાગરિકોએ જાણ કરી હતી. ત્યાર બાદ MGVCL વહીવટી તંત્ર દોડી આવીને આ ગેરકાયદેસર મારેલાં બ્રેકર મશીનના વાયર ઉતારવામાં આવ્યા હતા. ત્યાર બાદ આ કામ કરવા માટે ત્યાં નજીકમાં આવેલ દુકાનમાં આ બ્રેકર વાયર નાખવામાં આવ્યો હતો. ત્યારે આ ગેરકાયદેસર બ્રેકર મશીન ચલાવનાર ઈસમો ઉપર MGVCLના વહીવટી તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કેમ કરવામાં ના આવી ? તે પણ એક સરગતો પ્રશ્ન છે, ત્યારે આજ MGVCLનું વહીવટી તંત્ર કોઈ ગરીબ વ્યક્તિનું લાઈટ બિલ બાકી હોય તો તેનું વીજ કનેક્શન કાપી નાખે છે. ત્યારે આ ગટરનું કામ કરવા માટે બ્રેકર મશીન ચલાવવા માટે MGVCLની કોઈ પણ કાયદેસરની મંજૂરી મેળવ્યા વગરજ વીજ થાંભલા ઉપર ડાયરેક્ટર લંગર માળીને કામ કરવામાં આવી રહ્યું હતું. ત્યારે આ કામ વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતું હતું કે, પછી આ કામ કોઈ અન્ય એજન્સી દ્વારા કરવામાં આવી રહ્યું હતું. જો આ ગટરનું કામ કોઈ એજન્સી કે પંચાયત દ્વારા કરવામાં આવતું હોય તો પછી આ રસ્તાને તોડવા માટે બ્રેકર મશીન ચલાવવા માટે લાઈટની વ્યવસ્થા કેમ કરવામાં નથી આવી આમ, MGVCLના થાંભલા ઉપર ડાયરેક્ટર લંગર માળીને ગેરકાયદેસર કામ કેમ કરવામાં આવતું હતું ? ત્યારે હવે MGVCL વહીવટી તંત્ર દ્વારા તપાસ કરીને ગેરકાયદેસર બ્રેકર મશીન ચલાવનાર ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માર્ગ ઉઠી છે. હવે જોવું રહ્યું કે, વેજલપુર MGVCLનું વહીવટી તંત્ર ક્યાં પ્રકારની કાર્યવાહી હાથ ધરશે તે તો હવે આવનાર સમયજ બતાવશે।

# મોરવા હડફ- આધારકાર્ડ ધારકો ધોમધખતી ગરમીમા પરેશાન,કેવાયસી અપડેટ સહિતની કામગીરી માટે લાંબી લાઈનો



ગોધરા,

પંચમહાલ જીલ્લાના મોરવા હડફ ખાતે આધારકાર્ડ અને કે.વાય.સી કરાવવા માટે કાર્ડધારકોની લાંબી લાઈનો જોવા મળી રહી છે, ત્યારે આધાર કાર્ડ કેન્દ્ર ઉપર ઓપરેટરો વધારવાની સ્થાનિક લોકો દ્વારા માંગ ઉઠવા પામી છે. એકબાજુ આકરી ગરમી પડી રહી છે અને બીજી બાજુ ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા લોકો પોતાની ખેતીની કામગીરી બગાડી આધાર કાર્ડ કેન્દ્ર ઉપર આવે છે, પરંતુ પૂરતા સમયમાં આધાર કાર્ડ ની લાગતી કામગરી ન થતા ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

મોરવા હડફ તાલુકામાં આવેલા સ્વર્ણિમ હોલ ખાતે આધારકાર્ડ કેન્દ્ર ઉપર આજુબાજુના ગામના અરજદારો પોતાના નામ, અટક, જન્મ તારીખ સહિતની બાબતોમાં વિસંગતતાઓથી સમસ્યાઓ આવી રહી છે. ત્યારે કેવાયસી કરવા તથા નવા આધાર કાર્ડ કરવા માટે આવે છે. ત્યારે મોરવા હડફ તાલુકામાં સ્વર્ણિમ હોલ ખાતે નવું આધારકાર્ડ કઢાવવા તેમજ સુધારા કરાવવા માટે લાંબી લાઈનો લાગી હતી. આસપાસના ગામોમાંથી આવતા નાગરિકો અહીંયા આધારકાર્ડ માટે આવતા હોય છે. જેમાં તેઓ ખેતીવાડીનુંકામ બગાડી સરકારી કામ માટે આવે છે. આજુબાજુ ના ગામડા ના નાગરિકો પણ તાલુકા પંચાયતમા આધારકાર્ડના કામ માટે આવતા હોય છે. જેના કારણે લાંબી ભીડ થયેલી જોવા મળે છે.

આધારકાર્ડના કામ માટે સમયનો વ્યય કરી લાંબા સમય સુધી લાઈનોમાં ઉભા રહેવું પડતું હોય છે, પરંતુ તંત્ર દ્વારા ઓપરેટરો વધારવામાં ના આવતાં હોવાથી સ્થાનિકોને તથા તાલુકા માંથી આવતાં લોકોને ભારે હાલાકી પડી રહી છે અને તમામ દિવસોમાં ઓપરેટરોને વધારવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. જેના કારણે લાંબા સમય સુધી આધારકાર્ડના કામ માટે સમયનો વ્યય કરવો ન પડે અને ઝડપી કામગીરી કરવામાં આવે તો ખેડૂતોએ પોતાના સમયનો વ્યય કર્યા વિના ઝડપથી કામ પતાવી પરત ફરી પોતાના ખેતીના કામે લાગી શકાય તેવું સ્થાનિક લોકોની લાગણી અને માગણી છે.

# ગોધરાના ભૂરાવાવ વિસ્તારમાં યોગેશ્વર સોસાયટીમાં બોલેરો ગાડી સલૂનની દુકાનના સેડને અડી જતા ગાડીમાં બેઠેલા ઈસમને મારમારતા ઈજાગ્રસ્ત યુવાનને સિવિલ હોસ્પિટલ ખસેડવામા આવ્યો



ગોધરા,

ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં ઘનશ્યામ હોસ્પિટલ પાસે શુક્રવારના સાંજના સમયે બોલેરો ગાડી લઈને નજીકમાં આવેલ સોડા ફેકટરીમાં ભાડુ ખાલી કરવા જતા તે સમયે ઘનશ્યામ હોસ્પિટલ પાસે સામેથી કાર આવતા ચાલકે સાઈડ આપવાં જતા બોલેરો ગાડી સલૂનની દુકાનના સેડને અડી જતા સલૂન સંચાલક ધર્મેન્દ્રકુમાર કાંતિલાલ વાળંદ એ બોલેરો ગાડીમાં બેઠેલા ઈસમને માં બેન સમાની ગાળો બોલી મારમારવા લાગ્યાં હતા. ડ્રાઈવરે ગાળો બોલશો નહીં જે કઈ ખર્ચ થશે અમે આપવા તૈયાર છીએ તેમ કહેવા છતાં ધર્મેન્દ્રકુમાર ના માન્યો અને ગાડીમાં બેઠેલા ઈસમને ગાળો બોલી મારમારતો રહ્યો આખરે ઈજાગ્રસ્ત ઈસમને ૧૦૮ મારફતે ગોધરા સિવિલ હોસ્પીટલ ખાતે ખસેડી ગોધરા એ.ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# ગોધરા તાલુકા પઢીયાર ગામે કેનાલ પાસેથી લાભી ગામના ૫૫ વર્ષીય મગજથી અસ્થિર વ્યકિત મરણ ગયેલ મળી આવ્યા

ગોધરા,

શહેરા તાલુકાના લાભી ગુંથલી ફળીયામાં રહેતા ૫૫ વર્ષીય વ્યકિત મગજની અસ્થિરતાને લઈ ઘર માંથી ચાલ્યા ગયેલ હતા અને અગમ્યકારણોસર પઢીયાર ગામે કેનાલ પાસેથી મરણ ગયેલ હાલતમાં મળી આવેલ હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના લાભી ગુંથલી ફળીયામાં રહેતા ભુપતસિંહ પ્રતાપસિંહ પરમાર ઉ.વ.૫૫ જે મગજની અસ્થિરતાના કારણે કોઈ કહ્યા વગર ઘરેથી નિકળી ગયેલ હતા અને ગોધરા તાલુકાના પઢીયાર ગામે કેનાલ પાસેથી મરણ ગયેલ હાલતમાં મળી આવેલ હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા લક્ષ્મીપાર્ક સોસાયટીમાં ૪૫ વર્ષીય વ્યકિત કોઈ કારણોસર બ્લેચીંગ પી જતાં સારવાર માટે ખસેડાયો

ગોધરા,

ગોધરા ગુરૂ ગોવિંદ યુનિવર્સીટીની બાજુમાં લક્ષ્મી પાર્ક સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષીય વ્યકિતએ કોઈ કારણોસર પોતાના ઘરે કપડા ધોવાના બ્લેચીંગ પી જતાં દવા સારવાર માટે દાખલ કરવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ગુરૂ ગોવિંદ યુનિવર્સીટીની બાજુમાં લક્ષ્મી પાર્ક સોસાયટીમાં રહેતા ગીરીશભાઈ ધનાભાઈ પરમાર ઉ.વ.૪૫એ કોઈ કારણોસર પોતાના ઘરમાં કપડા ધોવામાં ઉપયોગ થતું બ્લેચીંગ પી જતાં દવા સારવાર માટે દાખલ કરાયો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ખડકી ટોલ નાકાના કર્મચારીઓની ભાઈગીરી વેજલપુર મહેલોલ ચોકડી ઉપર આવી રાજસ્થાનની એસ.ટી. ડ્રાયવરની ફેટ પકડી ઝપાઝપી કરતા મામલો પોલીસ મથકે પહોચ્યો



ગોધરા,

ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ ખડકી ટોલ નાકા ઉપર રાત્રે રાજસ્થાન પરિવહન નિગમની એસ.ટી. બસ જેનો રજીસ્ટ્રેશન નં. RJ-14-PF-9707 જયપુર વડોદરાના ચાલક ન્યુ ડ્રાયવર હોવાથી ફોરવહીલ ફ્રી લાઈન માંથી રાજસ્થાન પરિવહન નિગમની એસ.ટી. બસના ડ્રાયવરના ચાલકે પસાર કરતા ટોલ નાકા ઉપર હાજર કર્મચારીઓ બુમાં બૂમ કરતા એસ.ટી. બસના ચાલકે એસ.ટી. બસ થંભાવી દીધી હતી. ત્યારે ફરજ ઉપર હાજર ટોલ નાકાના માણસોને ટોલ નાકાના રોકડા રુપિયા આપું છું. મને રોકડા રૂપિયાની પાવતી આપો તેવું એસ.ટી. ડ્રાયવર એ જણાવતા ટોલ નાકાના માણસો રોકડા રૂપિયાની પાવતી આપવાની સ્પષ્ટ ઈન્કાર કરતા એસ.ટી. ડ્રાયવરએ પણ પાવતી વગર રૂપિયા આપવાનો ઈનકાર કર્યો હતો અને રાજસ્થાન પરિવહન નિગમ એસ.ટી. ચાલક પોતાની એસ.ટી. બસને વેજલપુર તરફ લઈને રવાના થયા હતા. જેથી ટોલ નાકાના માણસો એસ.ટી. બસની પાછળ પીછો કરી વેજલપુર મેહલોલ ચોકડી પાસે રાત્રીના સમયે મુસાફરો ભરેલ એસ.ટી. બસ થંભાવી એસ.ટી.બસના ચાલકને કોલર પકડી ઝપાઝપી કરી ભાઈગીરી ઉપર ઉતરી આવ્યા હતા. જેથી લોક ટોળા ઉમટી પડ્યા હતા અને એસ.ટી. બસના મુસાફરો પણ એસ.ટી. બસ માંથી ઉતરી પડ્યા હતા. જેથી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસ ઘટણા સ્થળે દોડી આવી હતી અને તમામ હકીકત જાણી એસ.ટી. બસ મુસાફરો સાથે અને ટોલ નાકા નાકાના માણસોને પણ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસ સ્ટેશનમાં મુસાફરો એ પણ પોલીસને જણાવેલ કે ડ્રાયવરની કોઈ ભૂલ નથી. ડ્રાયવરએ ટોલ નાકાના નાણાં આપવાની વાત કરી હતી અને ટોલ નાકાના અધિકારીઓએ દાદાગીરી કરી હતી. જેથી ટોલ નાકાના માણસો ઉપર તમામ દોષનો ટોપલો આવતા કાયદેસરની કાર્યવાહીની વાત થતા ટોલનાકાના મેનેજર સહિત અનેક લોકો પોલીસ સ્ટેશનમાં આવી પોહચ્યાં હતા અને મામલો થાડે પાડી કોઈપણ પ્રકારની કાર્યવાહી કર્યા વગર એસ.ટી. બસને રવાના કરી હતી. જેથી અડ્ધા કલાક થી વધુ મુસાફરો અટવાયા હતા.

# ગોધરા તાલુકાના મોર્યા ગામે લગ્નના વરઘોડામાં મારક હથિયારો સાથે ડાન્સ કરતા ૬ વ્યકિત સામે જાહેરનામા ભંગની ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના મોર્યા ગામે લગ્ન પ્રસંગના વરઘોડામાં ડી.જે.ના તાલે ઝુમવા માટે કેટલાક યુવાનો મારક હથિયારો સાથે ડાન્સ કરતા હોય તેવા વિડીયો સોશયલ મીડીયામાં વાયરલ થતાં કાંકણપુર પોલીસે તપાસ હાથ ધરી ૬ યુવાનો વિરૂદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં ગ્રામ્ય વિસ્તારોમાં લગ્નસરાની મોસમ ચાલી રહી છે. ત્યારે આવા લગ્ન પ્રસંગોમાં ડી.જે.ના તાલે નાચવા કુદવામાં કાયદાની ઐસી તૈસી કરી નાખતા હોય છે. તેવો કિસ્સો ગોધરા તાલુકામાં સામે આવ્યો છે. મોર્યા ગામે લગ્ન પ્રસંગનો વરઘોડો નિકળેલ હોય ત્યારે ડી.જે.ના તાલે નાચવાના તાલે ચઢેલ કેટલાક યુવાનો પોતાના હાથમાં ધારીયું, ફરસી, દંડાઓ લઈને જાહેરમાં ડાન્સ કરતા હોય તેવો વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થયો હોય જેને લઈ કાંકણપુર પોલીસે સોશીયલ મીડીયામાં વાયલ વીડીયો મોર્યા ગામનો હોય અને સરેઆમ કાયદાનું તેમજ જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ થતો હોય જેને આધારે કાંકણપુર પોલીસ દ્વારા હાથમાં હથિયારો સાથે ડાન્સ કરતાં મેહુલ બાબુભાઈ ચૌહાણ, સંજય નજીભાઈ સોલંકી, બાદલ ઉદાભાઈ ચૌહાણ, ક્રિપાલ રણવીરસિંહ વાળા, હિતેશ રાજેશભાઈ ચૌહાણ, જયવીર દિલીપસિંહ વાળા સામે જાહેરનામા ભંગની કાંકણપુર પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# કૈવલ સંપ્રદાય દ્વારા જગદ્દગુરૂ ભાવવંદના અને પાદુકાપૂજન કાર્યક્રમ યોજાયો

નદીસર,

અખિલ ભારતીય સંત સમિતિ ના રાષ્ટ્રીય અધ્યક્ષ કૈવલજ્ઞાન સંપ્રદાય ગુરૂગાદી ના સપ્તમ કુવેરાચાર્ય અવિચલદાસ મહારાજની જગદ્દગુરૂ ભાવ વંદના અને પરમગુરૂં પાદુકપુજન કાર્યક્રમ ગોધરા તાલુકાના નદીસર શહેરા તાલુકાના મોરવા (રે) ઉંજડા તેમજ વકતાપુરા ગામે યોજવામાં આવ્યો હતો. જેમાં ગોધરા તાલુકાના નદીસર ગામે અવિચલદાસ મહારાજનું કૈવલ સંપ્રદાયના અનુયાયી તેમજ ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બેન્ડની ભકિતમય સુરાવલી વચ્ચે ગામના માર્ગ પર ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જ્ઞાન સભા સ્થળે પાદુકા પૂજન તેમજ ગુરૂપૂજન અને વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સંબોધન કરતા અવિચલદાસ મહારાજે ગુરૂવંદના અને પાદુકા પૂજન વિશે સત્સંગીઓને માહિતી આપી હતી અને જયારે સમરસતા અંગે સૌને તમામ સમાજને સાથે લઈને ચાલવા સમજણ આપીને સામાજીક સમરસતા બાબતે બાબા સાહેબઆંબેડકરની દેશ પ્રત્યેની નિષ્ઠાને યાદ કરી હતી.

આ પ્રસંગે કૈવલ સંપ્રદાયના અનુયાયી, આગેવાનો, મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# હાલોલ શિવાશિષ સોસાયટી બાજુ તળાવની પાળ ઉપર જુગાર રમતા ૪ ઈસમોને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલ શિવાશિષ સોસાયટી બાજુમાં તળાવની પાળ ઉપર ઝાડીઓમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ચાર ઈસમોને રૂા.૧૧,૧૨૦/–ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ શિવાશિષ સોસાયટીની બાજુમાં તળાવની પાળ ઉપર ઝાડીઓમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે હાલોલ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ભરતભાઈ વજાજી મારવાડી, મુકેશ છગનભાઈ પારગી, દિપક જીવણલાલ દલવાડી, દિલીપ અમરતભાઈ તડવીને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં ૭૫૨૦/–રૂપીયા જુગારમાં દાવ ઉપર મુકેલ ૩૬૦૦/–રૂપીયા મળી ૧૧,૧૨૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.